આંક : ૨૩

ગોધરાની શ્રમ અદાલતના પ્રમુખ અધિકારીશ્રી કુ.આર.કે.સોલંકી સમક્ષ.
રેફરન્સ (ટી.) નં.૩૩૧ / ૧૯૯૯

પ્રથમ પક્ષકાર : – આર.એફ.ઓ.શ્રી,
મુનપુર,તા.કડાણા,જી.પંચમહાલ.

– :: વિરુધ્ધ :: –

બીજા પક્ષકાર :– શ્રી પ્રતાપભાઈ કાળુભાઈ ડામોર
C/o ગુજરાત લેબર ફેડરેશન
કાલોલ,જી.પંચમહાલ.

વિષય :– ઔદ્યોગિક વિવાદ ધારા ૧૯૪૭ ની કલમ–૧૦(૧) હેઠળ ન્યાયનિર્ણય કરવા બાબત

પ્રતિનિધિત્વ :–

પ્રથમ પક્ષકારો તરફે:– વિધ્વાન વકીલશ્રી આર.એમ.ગોહીલ

બીજા પક્ષકાર તરફે:– પ્રતિનિધિશ્રી એ.એસ.ભોઈ

અનુક્રમણિકા:–

(૧) પાન નં.૧ થી ૧૩ – પ્લીડીંગ્સ તથા દસ્તાવેજો

(૨) પાન નં.૧૩ અને ૧૪ – મુદ્દાઓ

(૩) પાન નં.૧૪ થી ૩૦ – કારણો તથા મુલ્યાંકન

(૪) પાન નં.૩૦ – આખરી હુકમ

– :: એવોર્ડ ::–

(૧) મદદનીશ શ્રમ આયુકતશ્રી ગોધરાએ તેમના **તા.૦૩/૦૪/૧૯૯૯** ના હુકમ નં.કે.એચ./એસ.એચ.એમ.સી./ગો./**૩૧૪૩** થી હાલનો રેફરન્સ અત્રેની મજુર અદાલત, ગોધરાને ન્યાયનિર્ણય અર્થે સુપ્રત કરવામાં આવેલ છે જેની અનુસુચી નીચે મુજબ છે.

– :: અનુસુચિ :: –

શ્રી **પ્રતાપભાઈ કાળુભાઈ ડામોરને** તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહીત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ?

(૨) હાલના બીજા પક્ષકારે **આંક–ર** થી તેમનું માંગણાનું નિવેદન રજુ કરેલ છે. બીજા પક્ષકારે તેમના માંગણીના નિવેદનમાં જણાવેલ છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થાને મોડલ સ્ટેન્ડીગ ઓડર્સ તથા આઈ.ડી.એકટની તમામ જોગવાઈઓ લાગુ પડે છે અને તેનો અમલ કરવા પ્રથમ પક્ષકાર બંધાયેલા છે. હાલના બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારને ત્યાં **સને–૧૯૮૭** થી **રોજમદાર મજુર** તરીકેની કાયમી ધોરણની ફરજમાં હાજર થયા હતા. બીજા પક્ષકારને તેમની નોકરીના અરસા દરમ્યાન પુરા માસની કામગીરી કરાવી માસીક **રૂા.૮૦૦/–** પગાર ચુકવતા હતા. જે વેતન લઘુતમ વેતન કરતા ઓછુ હતુ. બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારને ત્યાં ફરજમાં હાજર થયા ત્યારથી ખુબજ ખંત અને ઈમાનદારીપૂર્વક ફરજ બજાવતા હતા તેમ જણાવેલ છે.

હાલના બીજા પક્ષકારે તેમના માંગણીના નિવેદનમાં વધુમાં જણાવેલ છે કે પ્રથમ પક્ષકાર બીજા પક્ષકાર પાસેથી સવારના ૮.૦૦ થી સાંજના ૬.૦૦ વાગ્યા સુધી કામગીરી લેતા હતા. બીજા પક્ષકાર રોજમદાર મજુર કમ ચોકીદાર તરીકે રોપા સાચવવા, નવા રોપવા, ઝાડી કાપવી, સાફ–સફાઈ કરવી તેમજ કોન્ટ્રાકટથી આપેલ કામદારો ઉપર દેખરેખ રાખવી વિગેરે કામગીરી કરતા હતા. હાલના પ્રથમ પક્ષકાર બીજા પક્ષકારને મહેનતાણા પેટે જે પગાર ચુકવતા હતા તે સમયે પગારપત્રક અડધુવાળી, પગારપત્રક ઉપર લખેલ રકમ દેખાડયા સિવાય ફકત સહી કરાવી રૂા.૮૦૦/– ચુકવતા હતા. જે સામે બીજા પક્ષકાર અવાર–નવાર રજુઆતો કરતા પરંતુ પ્રથમ પક્ષકાર બીજા પક્ષકારની વાત સાંભળવાનો ઈન્કાર કરતા સાથે સાથે બીજા પક્ષકાર તરફે કિન્નાખોરી દાખવવાનું તથા આમાનુષી ભર્યુ વર્તન કરવાનું શરૂ કરેલ તેમ જણાવેલ છે.

હાલના બીજા પક્ષકારે તેમના માંગણીના નિવેદનમાં વધુમાં જણાવેલ છે કે બીજા પક્ષકારે પ્રથમ પક્ષકારની સંસ્થામાં નોકરીમાં હાજર થયા ત્યારથી સળંગ, અતુટ અને બ્રેક સિવાયની નોકરી કરી કામકાજના પુરા દિવસોની કામગીરી કરી દરેક વર્ષમાં ૨૪૦ દિવસ કરતા વધુ દિવસની કામગીરી કરેલી છે. બીજા પક્ષકારના હાજરી અંગેના રેકર્ડ પ્રથમ પક્ષકારના કબજામાં છે જે રેકર્ડ નામદાર અદાલત સમક્ષ રજુ કરાવવુ જરૂરી છે તેમ જણાવેલ છે.

હાલના બીજા પક્ષકારે તેમના માંગણીના નિવેદનમાં વધુમાં જણાવેલ છે કે બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં હાજર થયા ત્યારથી તે છુટા કર્યા ત્યાં સુધી બીજા પક્ષકારને તેમની ગેરવર્તણુંક અંગે કે કામગીરી બાબતે કયારેય કોઈ પણ જાતની નોટીસ, મેમો આપવામાં આવેલ હોય કે કોઈ પણ પ્રકારની ખાતાકીય તપાસ કરવામાં આવેલ હોય કે કોઈ પણ પ્રકારની શિક્ષા કરવામાં આવેલ હોય તેમ બનેલ નથી. આમ, પ્રથમ પક્ષકારને બીજા પક્ષકારની કામગીરીથી સંપૂર્ણ સંતોષ હતો તેમ કહી શકાય તેમ છે. બીજા પક્ષકારે પ્રથમ પક્ષકારે તેમની સમક્ષ કરેલ કામનો પુરતો પગાર તથા લઘુતમ વેતન મુજબનો પગાર ચુકવવાની માંગણી તથા ખુલ્લા પગારપત્રક રાખી સહી કરાવવા બાબતની માંગણી કરતા પ્રથમ પક્ષકારે બીજા પક્ષકાર સામે કિન્નાખોરી રાખી કામનું ભારણ ઓછુ હોવાનું બહાનું કાઢી **તા.૦૧/૧૧/૧૯૯૮** ના રોજથી મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરી દીધેલ છે તેમ જણાવેલ છે.

હાલના બીજા પક્ષકારે તેમના માંગણીના નિવેદનમાં વધુમાં જણાવેલ છે કે તેઓને છુટા કરતી વખતે પ્રથમ પક્ષકારે કોઈ પણ જાતનું કારણ જણાવેલ નથી કે કોઈ નોટીસ કે નોટીસ પગાર કે કોઈ પણ પ્રકારનું વળતર ચુકવેલ નથી. તેમજ બચાવની કોઈ તક આપેલ હોય કે સીનીયોરીટીનું ધ્યાન લીધેલ હોય તેમ બનેલ નથી.હાલના પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને છુટા કરતી વખતે આઈ.ડી.એકટની કલમ–૨૫(એફ) અને કલમ–૨૫(એચ)નો ભંગ કરેલ છે તેમ જણાવેલ છે.

હાલના બીજા પક્ષકારે તેમના માંગણીના નિવેદનમાં વધુમાં જણાવેલ છે કે તેઓને નોકરીમાંથી છુટા કર્યા બાદ ફેડરેશન ધ્વારા પડેલા દિવસોના પુરા પગાર સહીત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા અંગેની નોટીસ પ્રથમ પક્ષકારને મોકલી આપેલ તેમજ મદદનીશ મજુર કમીશ્નરશ્રી, ગોધરા સમક્ષ ફરીયાદ દાખલ કરેલ જેમા કોઈ સમાધાન ન થતા હાલનો રેફરન્સ ન્યાયનિર્ણય અર્થે રીફર કરવામાં આવેલ છે તેમ જણાવેલ છે.

હાલના બીજા પક્ષકારે તેમના માંગણીના નિવેદનમાં વધુમાં જણાવેલ છે કે બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કર્યા બાદ બીજા પક્ષકારે નોકરી મેળવવા પ્રયત્ન કરેલ છે પરંતુ નોકરી મળેલ નથી અને તેઓ હાલ પણ બેકાર છે તેમ જણાવેલ છે.

હાલના બીજા પક્ષકારે તેમના માંગણીના નિવેદનમાં વધુમાં જણાવેલ છે કે પ્રથમ પક્ષકારની સંસ્થા હાલ પણ ચાલુ છે અને જો તેઓ બીજા પક્ષકારને નોકરીમાં રાખે તો બીજા પક્ષકાર નોકરીમાં જવા માટે સંમત છે તેમ જણાવી પ્રથમ પક્ષકારનું બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરવાનું કૃત્ય

ગેરકાયદેસર ઠરાવી તેઓને તેમની મુળ જગ્યાએ, સળંગ નોકરીથી, પડેલા દિવસોના પુરા પગાર સહીત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા તથા આ રેફરન્સનો ખર્ચ અપાવવા માંગણી કરેલ છે.

(૩) હાલના પ્રથમ પક્ષકારે **આંક–૮** થી તેમનો લેખિત જવાબ રજુ કરેલ છે. પ્રથમ પક્ષકારે તેમના લેખિત જવાબમાં બીજા પક્ષકારે જણાવેલ હકીકતોનો ઈન્કાર કરેલો છે.

હાલના પ્રથમ પક્ષકારે તેમના લેખિત જવાબમાં વધુમાં જણાવેલ છે કે બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં રોજમદાર મજુર તરીકે સને–૧૯૮૭ થી કામ કરતા હોવાની હકીકત ખરી નથી. હાલના બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં કદી પણ કાયમી રોજમદાર તરીકે કામ કરેલ નથી. હાલના બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં એપ્રિલ–૧૯૯૩ થી જુન–૧૯૯૪ ના સમય સુધી જ છુટક રોજમદાર તરીકે મજુરી કરેલ છે અને જે તે સમયે તેઓને સરકારશ્રીના નિયમો પ્રમાણે મજુરીના નાણા ચુકવી આપેલ છે. બીજા પક્ષકારને લઘુતમ વેતન કરતા ઓછો પગાર ચુકવેલ હોવાની હકીકત ખરી નથી તેમ જણાવેલ છે.

હાલના પ્રથમ પક્ષકારે તેમના લેખિત જવાબમાં વધુમાં જણાવેલ છે કે હાલના બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં ખુબજ ખંત અને ઈમાનદારીપૂર્વક ફરજ બજાવતા હોવાની હકીકત ખરી નથી. તે જ રીતે બીજા પક્ષકાર પાસેથી પ્રથમ પક્ષકાર સંસ્થામાં સવાર ૮.૦૦ થી સાંજના ૬.૦૦ વાગ્યા સુધી કામગીરી કરાવતા હતા તે તમામ વિગતો બીજા પક્ષકારે પુરાવાથી સાબીત કરવી જોઈએ તેમ જણાવેલ છે.

હાલના પ્રથમ પક્ષકારે તેમના લેખિત જવાબમાં વધુમાં જણાવેલ છે કે હાલના બીજા પક્ષકારે પગારપત્રક અડધુ વાળી રકમ દેખાડયા સિવાય માત્ર સહી કરાવી રૂા.૮૦૦/– ચુકવતા હોવાની કે બીજા પક્ષકારે એ બાબતે કોઈ રજુઆત કરેલ હોવાની કે તેવી કહેવાતી રજુઆતને કારણે બીજા પક્ષકાર સામે કોઈ કિન્નાખોરી ભર્યુ વલણ દાખવેલ હોવાની વિગત ખરી નથી. આ તમામ વિગતો બીજા પક્ષકારે સ્વતંત્ર પુરાવા રજુ કરી પુરવાર કરવી જોઈએ તેમ જણાવેલ છે.

હાલના પ્રથમ પક્ષકારે તેમના લેખિત જવાબમાં વધુમાં જણાવેલ છે કે બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં હાજર થયા ત્યારથી સળંગ, અતુટ અને બ્રેક સિવાયની, કામકાજના પુરા દિવસો કામગીરી કરેલ હોવાની કે દરેક વર્ષમાં ૨૪૦ દિવસ કરતા વધુ કામગીરી કરેલ હોવાની હકીકત ખરી નથી. ખરી હકીકતે બીજા પક્ષકારે સને–૧૯૯૩ માં દાખલ થઈ માર્ચ–૧૯૯૪ સુધીમાં ફકત ૨૮ દિવસ જ કામગીરી કરેલ છે તેમ જણાવેલ છે.

હાલના પ્રથમ પક્ષકારે તેમના લેખિત જવાબમાં વધુમાં હાલના બીજા પક્ષકારને કોઈ પણ પ્રકારની ગેરવર્તણુંક અંગે કોઈ પણ નોટીસ, મેમો કે ચેતવણી આપેલ નહી કે કોઈ ખાતાકીય તપાસ કરેલ નહી કે કોઈ શિક્ષા કરેલ નહી તે બાબતે જણાવેલ છે કે આવી તમામ હકીકતો કાયમી રોજમદારના કિસ્સામાં જ લાગુ પડે છે. હાલના બીજા પક્ષકારે છુટક રોજમદાર મજુર તરીકે કામગીરી કરેલ હોઈ આ તમામ વિગતો તેમના કિસ્સામાં લાગુ પડતી નથી તેમ જણાવેલ છે.

હાલના પ્રથમ પક્ષકારે તેમના લેખિત જવાબમાં વધુમાં જણાવેલ છે કે બીજા પક્ષકારને સને–૧૯૯૮ માં મૌખિક હુકમથી છુટા કરેલ હોવાની હકીકત ખરી નથી. ખરી હકીકતે બીજા પક્ષકારે સને–૧૯૯૪ સુધી જ છુટક કામગીરી કરેલ છે ત્યારે તેઓને સંસ્થાએ સને–૧૯૯૮ માં મૌખિક હુકમથી છુટા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તેમ જણાવેલ છે.

હાલના પ્રથમ પક્ષકારે તેમના લેખિત જવાબમાં વધુમાં જણાવેલ છે કે હાલના બીજા પક્ષકારને છુટા કરતી વખતે કોઈ વ્યાજબી કારણ જણાવેલ નહી હોવાની, કે કોઈ નોટીસ કે નોટીસ પગાર આપેલ નહી હોવાની, કોઈ પણ પ્રકારનું વળતર આપેલ નહી હોવાની, કોઈ બચાવની તક આપેલ નહી હોવાની કે સીનીયોરીટી અંગે કોઈ ઘ્યાન રાખેલ નહી હોવાની હકીકત કે સંસ્થાએ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨૫(એફ) અને ૨૫(એચ) નો ભંગ કરેલ હોવાની હકીકત ખરી નથી. કારણ કે આ તમામ હકીકત કાયમી રોજમદારના કિસ્સામાં લાગુ પડે છે. જયારે હાલના બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં છુટક મજુર તરીકે કામ કરેલ હોઈ આવી તમામ બાબતો બીજા પક્ષકારના કિસ્સામાં લાગુ પાડી શકાય તેમ નથી તેમ જણાવેલ છે.

હાલના પ્રથમ પક્ષકારે તેમના લેખિત જવાબમાં વધુમાં જણાવેલ છે કે બીજા પક્ષકારને છુટા કર્યા બાદ બીજા પક્ષકારે અન્ય જગ્યાએ નોકરી મેળવવા પ્રયત્ન કરેલ પરંતુ નોકરી મળેલ નહી હોવાની હકીકત ખરી નથી. બીજા પક્ષકારે અન્ય જગ્યાએ નોકરી મેળવવા અરજી કરેલ હોય અને તેઓને નોકરી મળેલ ન હોય તેવી તમામ વિગતો બીજા પક્ષકારે સ્વતંત્ર દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરવી જોઈએ તેમ જણાવેલ છે.

હાલના પ્રથમ પક્ષકારે તેમના લેખિત જવાબમાં વધુમાં જણાવેલ છે કે હાલના બીજા પક્ષકારે માંગેલી કોઈ પણ દાદ બીજા પક્ષકારને મળી શકે તેમ નથી કારણ કે પ્રથમ પક્ષકારે આઈ.ડી.એકટની કલમ–૨૫(એફ) અને ૨૫(એચ) નો કોઈ ભંગ કરેલ નથી. વધુમાં પ્રથમ પક્ષકાર એ એક સરકારી કર્મચારી છે અને સરકારશ્રીના નિયમો પ્રમાણે તેઓને કામગીરી

કરવાની હોય છે. વધુમાં જંગલ ખાતુ એ વન અને પર્યાવરણ હસ્તક પર્યાવરણ સાચવવાની કામગીરી કરે છે. આ કામગીરી જનતા જર્નાદનના જાહેર હીતની કામગીરી છે અને તે સરકારશ્રીનું સોવરીન ફંકશન હોઈ આઈ.ડી.એકટની કલમોનો ભંગ કરવાની હકીકત પાયા વગરની છે અને આ મુધ્દા ઉપર જ બીજા પક્ષકારનો રેફરન્સ રદ થવાને પાત્ર છે તેમ જણાવેલ છે.

હાલના પ્રથમ પક્ષકારે તેમના લેખિત જવાબમાં વધુમાં જણાવેલ છે કે પ્રથમ પક્ષકાર રેન્જ ફોરેસ્ટ ઓફીસરને મજુરોના કેઈસમાં સમાધાન કરવાની કે નોકરીમાં પુનઃસ્થાપિત કરવાની કોઈ સત્તા આપવામાં આવેલ નથી. જેથી બીજા પક્ષકારને નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી અને રેફરન્સ રદ થવાને પાત્ર છે તેમ જણાવેલ છે.

હાલના પ્રથમ પક્ષકારે તેમના લેખિત જવાબમાં વધુમાં જણાવેલ છે કે નામદાર સુપ્રિમ કોર્ટના હુકમ પ્રમાણે કામગીરીના અરસા દરમ્યાન દરેક વર્ષમાં ૨૪૦ દિવસ કામગીરી કરેલ તે હકીકત પુરવાર કરવાની જવાબદારી બીજા પક્ષકારની છે. વધુમાં જંગલ ખાતાની કામગીરી સરકાશ્રીના ગ્રાન્ટ ઉપર આધારીત હોઈ સરકાર તે કામગીરી કરવા ગ્રાન્ટ આપે છે. જે ગ્રાન્ટ પુરી થતા કામ આપોઆપ બંધ થઈ જાય છે અને નવી ગ્રાન્ટ આવેથી નવી કામગીરી કરવામાં આવે છે. આ સંજોગોમાં બીજા પક્ષકારનો રેફરન્સ રદ થવાને પાત્ર છે તેમ જણાવેલ છે.

હાલના પ્રથમ પક્ષકારે તેમના લેખિત જવાબમાં વધુમાં જણાવેલ છે કે પ્રથમ પક્ષકાર સંસ્થામાં જે કામદારોના દરેક વર્ષમાં ૨૪૦ દિવસ થઈ ગયેલ હોય તેવા તમામ કામદારોને નામદાર સુપ્રિમ કોર્ટના આદેશ પ્રમાણે કાયમી નિમણુંક આપવામાં આવેલ છે. જેથી બીજા પક્ષકાર છુટક રોજમદાર હોઈ તેઓને સદર હુકમનો લાભ મળવાપાત્ર થતો ન હોઈ બીજા પક્ષકાર નોકરીમાં પુનઃસ્થાપિત થવા હકકદાર થતા નથી તેમ જણાવી બીજા પક્ષકારનો રેફરન્સ ખર્ચ સહીત રદ કરવા માંગણી કરેલ છે.

(૪) રેફરન્સ ટી.નં.૩૩૦/૧૯૯૯ ના કામે આંક–૨ બંને પક્ષકારોને સંયુકત નોટીસ કાઢવામાં આવેલ છે.

આંક–૨ ઉપર જણાવ્યુ તે મુજબ માંગણીનું નિવેદન છે.

રેફરન્સ ટી.નં.૩૩૦/૧૯૯૯ ના કામે આંક–પ બીજા પક્ષકારે અરજીમાં જણાવેલ દસ્તાવેજ પ્રથમ પક્ષકાર સંસ્થા પાસેથી રજુ કરાવવાની માંગણી કરતી અરજી છે. જેમા રેફરન્સ ટી.નં.૩૩૦

થી ૩૩૨/૧૯૯૯ ના તમામ કામદારોની કહેવાતી છુટા કરવાની તારીખના અગાઉના ત્રણ વર્ષના મસ્ટરરોલ રજુ કરવા તથા વિકલ્પે સોગંદનામું રજુ કરવાનો હુકમ કરેલ છે.

રેફરન્સ ટી.નં.૩૩૦/૧૯૯૯ ના કામે બીજા પક્ષકારે નિ.૬/૧ થી આ કામના પ્રથમ પક્ષકાર સંસ્થાને માંગણીનું નિવેદન મોકલી આપેલ છે જે મળ્યા અંગેની એકનોલેજમેન્ટ છે.

રેફરન્સ ટી.નં.૩૩૦/૧૯૯૯ ના કામે આંક–૭ પ્રથમ પક્ષકાર સંસ્થાને અત્રેની અદાલતે નોટીસ બજાવ્યા અંગેની એકનોલેજમેન્ટ છે.

આંક–૪ બીજા પક્ષકારની પ્રથમ પક્ષકારનો જવાબનો હકક બંધ કરવાની માંગણી કરતી અરજી છે જે અરજી ગ્રાહય રાખી પ્રથમ પક્ષકારનો જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે.

રેફરન્સ ટી.નં.૩૩૦/૧૯૯૯ ના કામે આંક–૧૦ રેફરન્સ ટી.નં.૩૩૦/૧૯૯૯ થી ૩૩૨/૧૯૯૯ ના કેઈસો એકત્રીત કરવાની માંગણી કરતી અરજી છે જે અરજી જે–તે સમયના પ્રિસાઈડીંગ ઓફીસરશ્રીએ ગ્રાહય રાખેલ છે.

આંક–૫ બીજા પક્ષકારનું પુરાવાના ભાગરૂપે સોગંદનામું છે જેની ઉલટતપાસ પ્રથમ પક્ષકારના વિધ્વાન એડવોકેટશ્રી ધ્વારા કરવામાં આવેલ છે.

રેફરન્સ ટી.નં.૩૩૦/૧૯૯૯ ના કામે આંક–૧૨ થી અગાઉ પ્રથમ પક્ષકારનો ઉલટતપાસનો સંયુકત રીતે હકક બંધ કરેલ છે.

રેફરન્સ ટી.નં.૩૩૦/૧૯૯૯ ના કામે આંક–૧૩ થી અગાઉ બીજા પક્ષકારની કલોજીંગ પુરસીસ આપેલ છે.

રેફરન્સ ટી.નં.૩૩૦/૧૯૯૯ ના કામે આંક–૧૪ થી અગાઉ પ્રથમ પક્ષકારનો પુરાવાનો હકક બંધ કરેલ છે.

આંક–૬ તા.૧૪/૧૧/૧૧ ના રોજજે તે સમયના પ્રિસાઈડીંગ ઓફીસરશ્રીએ પસાર કરેલ એકતરફી એવોર્ડ છે જેમા હાલના બીજા પક્ષકારને છુટા કરવાનું કૃત્ય ગેરકાયદેસર ઠેરવી તેઓને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગારની તથા આનુષાંગિક લાભોની ૫૦% રકમ ચુકવી આપી સળંગ નોકરીથી પુનઃસ્થાપિત કરવાનો તથા રેફરન્સના ખર્ચના રૂા.૧૦૦૧/– ચુકવવાનો હુકમ કરેલ છે.

ત્યારબાદ પ્રથમ પક્ષકારે ઉપરોક્ત હુકમ સામે પરચુરણ અરજી**નં.૭૧/૨૦૧૭** દાખલ કરેલ છે જે અરજી અત્રેની અદાલતે ગ્રાહય રાખી બીજા પક્ષકારને ખર્ચના રૂા.૧૦,૦૦૦/– ચુકવી આપવાના હુકમ સાથે અગાઉ કરેલ હુકમ રદ કરી મુળ કેઈસ ફરીફાઈલે લેવાનો હુકમ કરેલ છે.

આંક–૭ પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને ઉપરોક્ત હુકમ મુજબના નાણા ચુકવી આપેલ છે તેવુ જાહેર કરતી પુરસીસ છે.

આંક–૮ ઉપર જણાવ્યુ તે મુજબ પ્રથમ પક્ષકારનો લેખિત જવાબ છે.

પ્રથમ પક્ષકારે તેમના ઉપરોક્ત લેખિત જવાબ સાથે હાલના બીજા પક્ષકારની હાજરીના દિવસ તથા ચુકવેલ નાણાનું સ્ટેટમેન્ટ રજુ કરેલ છે.

આંક–૯ બીજા પક્ષકારે આપેલ પ્રથમ પક્ષકાર પાસે દસ્તાવેજ રજુ કરાવવાની માંગણી કરતી અરજી છે જે અરજી જે તે સમયે જવાબ તથા સાંભળવા માટે રાખેલ છે જેનો પ્રથમ પક્ષકારે આંક–૧૦ થી જવાબ આપેલો છે. અને ત્યારબાદ બંને પક્ષકારોને સાંભળી બીજા પક્ષકારની કહેવાતી છુટા કરવાની તારીખના અગાઉના ત્રણ વર્ષની કેશબુક રજુ કરવા અથવા વિકલ્પે સોગંદનામું કરવાનો હુકમ કરેલો છે.

આ કામે પ્રથમ પક્ષકારે નિ.૧૧/૧ થી નિ.૧૧/૬ ના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે જેની વિગત નીચે મુજબ છે.

અ.નં.	**દસ્તાવેજની વિગત**	**તારીખ**
૧.	બીજા પક્ષકારે ૫/૯૩ થી ૪/૨૦૦ સુધી તુટક તુટક કામગીરી કર્યાની વાઉચરના ઉતારાની નકલ.	–
૨.	કેશબુકનં.૩૩ ની નકલ.	–
૩.	કેશબુકનં.૬૨ ની નકલ.	–
૪.	કેશબુકનં.૬૨ ની નકલ.	–
૫.	કેશબુકનં.૧૦૨ ની નકલ.	–
૬.	કેશબુકનં.૧૨૦ ની નકલ.	–

આંક–૧૨ પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે સરકારી વકીલશ્રી આર.એમ.ગોહીલનું મેમો ઓફ એપીયરન્સ છે.

આંક–૧૩ બીજા પક્ષકારનો મૌખિક પુરાવો પુરો થયાની પુરસીસ છે.

આંક–૧૪ થી રેફરન્સ ટી.નં.૩૩૦/૧૯૯૯ ના કામે રજુ કરેલ દસ્તાવેજોને હાલના કેઈસમાં પણ પુરાવા તરીકે ગ્રાહય રાખવા માંગણી કરતી અરજી કરેલ છે જે અત્રેની અદાલતે ગ્રાહય રાખેલ છે.

આંક–૧૫ પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે સાક્ષીશ્રી ઈરફાનખાન નાઝીરખાન સીધીનું પુરાવાના ભાગરૂપે સોગંદનામું છે. આ સાક્ષીએ તેમના સોગંદનામાં સાથે એક સ્ટેટમેન્ટ રજુ કરેલ છે અને બીજા પક્ષકારના પ્રતિનિધિશ્રી ધ્વારા આ સાક્ષીની ઉલટતપાસ કરવામાં આવેલ છે.

આંક–૧૭ પ્રથમ પક્ષકારનો મૌખિક પુરાવો પુરો થયાની પુરસીસ છે.

આંક–૧૮ થી પ્રથમ પક્ષકારે કેટલાક દસ્તાવેજો રજુ કરેલ છે જેની વિગત નીચે મુજબ છે.

અ.નં.	કેશબુક નંબર	કેશબુકનો સમયગાળો
૧.	૪૩	તા.૧૫/૩/૧૯૯૫ થી તા.૧૧/૮/૧૯૯૫
૨.	૪૪	તા.૧૧/૮/૧૯૯૫ થી તા.૬/૧૨/૧૯૯૫
૩.	૪૫	તા.૬/૧૨/૧૯૯૫ થી તા.૩/૩/૧૯૯૬
૪.	૪૬	તા.૩/૩/૧૯૯૬ થી તા.૧૭/૫/૧૯૯૬
૫.	૪૭	તા.૧૭/૫/૧૯૯૬ થી ૯/૮/૧૯૯૬
૬.	૪૮	તા.૯/૮/૧૯૯૬ થી તા.૮/૧૧/૧૯૯૬
૭.	૪૯	તા.૧૬/૧૧/૧૯૯૬ થી તા.૧૨/૧/૧૯૯૭
૮.	૫૦	૧૨/૧/૧૯૯૭ થી તા.૧૨/૩/૧૯૯૭
૯.	૫૧	તા.૧૩/૩/૧૯૯૭ થી તા.૩૧/૩/૧૯૯૭
૧૦.	૫૨	તા.૩૧/૩/૧૯૯૭ થી તા.૭/૮/૧૯૯૭
૧૧.	૫૩	તા.૭/૮/૧૯૯૭ થી તા.૨૧/૧૦/૧૯૯૭
૧૨.	૫૪	તા.૨૧/૧૦/૧૯૯૭ થી તા.૧૧/૨/૧૯૯૮
૧૩.	૫૫	તા.૧૧/૨/૧૯૯૮ થી તા.૩૧/૩/૧૯૯૮
૧૪.	૫૬	તા.૩૧/૩/૧૯૯૮ થી તા.૬/૯/૧૯૯૮
૧૫.	૫૭	તા.૬/૯/૧૯૯૮ થી તા.૧૬/૧૦/૧૯૯૮

L.C.NO.1,GODHRA REFER T LC/331/1999

૧૬.	૫૮	તા.૧૬/૧૦/૧૯૯૮ થી તા.૧૨/૧૨/૧૯૯૮
૧૭.	૫૯	તા.૧૨/૧૨/૧૯૯૮ થી તા.૧૮/૨/૧૯૯૯
૧૮.	૬૦	તા.૧૮/૨/૧૯૯૯ થી તા.૧૯/૬/૧૯૯૯
૧૯.	૬૧	તા.૨૦/૬/૧૯૯૯ થી તા.૬/૭/૧૯૯૯
૨૦.	૬૨	તા.૬/૮/૧૯૯૯ થી તા.૨૫/૧૦/૧૯૯૯
૨૧.	૬૩	તા.૨૫/૧૦/૧૯૯૯ થી તા.૧૫/૩/૨૦૦૦

અ.નં.	વાઉચર નંબર	સમયગાળો	હાજર દિવસ	રીમાર્કસ
૧.	–	તા.૧/૧/૧૯૯૫ થી તા.૩૧/૧/૧૯૯૫	૦	
૨.	–	તા.૧/૨/૧૯૯૫ થી તા.૨૮/૨/૧૯૯૫	૦	
૩.	૧૪૧/૩ –૧૯૯૫	તા.૧/૩/૧૯૯૫ થી તા.૩૧/૩/૧૯૯૫	૧૭	
૪.	–	તા.૧/૪/૧૯૯૫ થી તા.૩૦/૪/૧૯૯૫	૦	
૫.	–	તા.૧/૫/૧૯૯૫ થી તા.૩૧/૫/૧૯૯૫	૦	
૬.	–	તા.૧/૬/૧૯૯૫ થી તા.૩૦/૬/૧૯૯૫	૦	
૭.	–	તા.૧/૭/૧૯૯૫ થી તા.૩૧/૭/૧૯૯૫	૦	
૮.	–	તા.૧/૮/૧૯૯૫ થી તા.૩૧/૮/૧૯૯૫	૦	
૯.	–	તા.૧/૯/૧૯૯૫ થી તા.૩૦/૯/૧૯૯૫	૦	
૧૦.	–	તા.૧/૧૦/૧૯૯૫ થી તા.૩૧/૧૦/૧૯૯૫	૦	
૧૧.	–	તા.૧/૧૧/૧૯૯૫ થી તા.૩૦/૧૧/૧૯૯૫	૦	
૧૨.	–	તા.૧/૧૨/૧૯૯૫ થી તા.૩૧/૧૨/૧૯૯૫	૦	
૧૩.	–	તા.૧/૧/૧૯૯૬ થી તા.૩૧/૧/૧૯૯૬	૦	
૧૪.	–	તા.૧/૨/૧૯૯૬ થી તા.૨૮/૨/૧૯૯૬	૦	
૧૫.	–	તા.૧/૩/૧૯૯૬ થી તા.૩૧/૩/૧૯૯૬	૦	

૧૬.	–	તા.૧/૪/૧૯૯૬ થી તા.૩૦/૪/૧૯૯૬	૦	
૧૭.	–	તા.૧/૫/૧૯૯૬ થી તા.૩૧/૫/૧૯૯૬	૦	
૧૮.	–	તા.૧/૬/૧૯૯૬ થી તા.૩૦/૬/૧૯૯૬	૦	
૧૯.	–	તા.૧/૭/૧૯૯૬ થી તા.૩૧/૭/૧૯૯૬	૦	
૨૦.	–	તા.૧/૮/૧૯૯૬ થી તા.૩૧/૮/૧૯૯૬	૦	
૨૧.	–	તા.૧/૯/૧૯૯૬ થી તા.૩૦/૯/૧૯૯૬	૦	
૨૨.	–	તા.૧/૧૦/૧૯૯૬ થી તા.૩૧/૧૦/૧૯૯૬	૦	
૨૩.	–	તા.૧/૧૧/૧૯૯૬ થી તા.૩૦/૧૧/૧૯૯૬	૦	
૨૪.	–	તા.૧/૧૨/૧૯૯૬ થી તા.૩૧/૧૨/૧૯૯૬	૦	
૨૫.	–	તા.૧/૧/૧૯૯૭ થી તા.૩૧/૧/૧૯૯૭	૦	
૨૬.	–	તા.૧/૨/૧૯૯૭ થી તા.૨૮/૨/૧૯૯૭	૦	
૨૭.	–	તા.૧/૩/૧૯૯૭ થી તા.૩૧/૩/૧૯૯૭	૦	
૨૮.	–	તા.૧/૪/૧૯૯૭ થી તા.૩૦/૪/૧૯૯૭	૦	
૨૯.	–	તા.૧/૫/૧૯૯૭ થી તા.૩૧/૫/૧૯૯૭	૦	
૩૦.	–	તા.૧/૬/૧૯૯૭ થી તા.૩૦/૬/૧૯૯૭	૦	
૩૧.	–	તા.૧/૭/૧૯૯૭ થી તા.૩૧/૭/૧૯૯૭	૦	
૩૨.	–	તા.૧/૮/૧૯૯૭ થી તા.૩૧/૮/૧૯૯૭	૦	
૩૩.	–	તા.૧/૯/૧૯૯૭ થી તા.૩૦/૯/૧૯૯૭	૦	
૩૪.	–	તા.૧/૧૦/૧૯૯૭ થી તા.૩૧/૧૦/૧૯૯૭	૦	
૩૫.	–	તા.૧/૧૧/૧૯૯૭ થી તા.૩૧/૧૧/૧૯૯૭	૦	
૩૬.	–	તા.૧/૧૨/૧૯૯૭ થી તા.૩૧/૧૨/૧૯૯૭	૦	
૩૭.	–	તા.૧/૧/૧૯૯૮ થી તા.૩૧/૧/૧૯૯૮	૦	
૩૮.	–	તા.૧/૨/૧૯૯૮ થી તા.૨૮/૨/૧૯૯૮	૦	
૩૯.	–	તા.૧/૩/૧૯૯૮ થી તા.૩૧/૩/૧૯૯૮	૦	

૪૦.	–	તા.૧/૪/૧૯૯૮ થી તા.૩૦/૪/૧૯૯૮	૦	
૪૧.	–	તા.૧/૫/૧૯૯૮ થી તા.૩૧/૫/૧૯૯૮	૦	
૪૨.	–	તા.૧/૬/૧૯૯૮ થી તા.૩૦/૬/૧૯૯૮	૦	
૪૩.	–	તા.૧/૭/૧૯૯૮ થી તા.૩૧/૭/૧૯૯૮	૦	
૪૪.	–	તા.૧/૮/૧૯૯૮ થી તા.૩૧/૮/૧૯૯૮	૦	
૪૫.	–	તા.૧/૯/૧૯૯૮ થી તા.૩૦/૯/૧૯૯૮	૦	
૪૬.	–	તા.૧/૧૦/૧૯૯૮ થી તા.૩૧/૧૦/૧૯૯૮	૦	
૪૭.	–	તા.૧/૧૧/૧૯૯૮ થી તા.૩૦/૧૧/૧૯૯૮	૦	
૪૮.	–	તા.૧/૧૨/૧૯૯૮ થી તા.૩૧/૧૨/૧૯૯૮	૦	
૪૯.	–	તા.૧/૧/૧૯૯૯ થી તા.૩૧/૧/૧૯૯૯	૦	
૫૦.	–	તા.૧/૨/૧૯૯૯ થી તા.૨૮/૨/૧૯૯૯	૦	
૫૧.	–	તા.૧/૩/૧૯૯૯ થી તા.૩૧/૩/૧૯૯૯	૦	
૫૨.	–	તા.૧/૪/૧૯૯૯ થી તા.૩૦/૪/૧૯૯૯	૦	
૫૩.	–	તા.૧/૫/૧૯૯૯ થી તા.૩૧/૫/૧૯૯૯	૦	
૫૪.	–	તા.૧/૬/૧૯૯૯ થી તા.૩૦/૬/૧૯૯૯	૦	
૫૫.	–	તા.૧/૭/૧૯૯૯ થી તા.૩૧/૭/૧૯૯૯	૦	
૫૬.	–	તા.૧/૮/૧૯૯૯ થી તા.૩૧/૮/૧૯૯૯	૦	
૫૭.	–	તા.૧/૯/૧૯૯૯ થી તા.૩૦/૯/૧૯૯૯	૦	
૫૮.	–	તા.૧/૧૦/૧૯૯૯ થી તા.૩૧/૧૦/૧૯૯૯	૦	
૫૯.	–	તા.૧/૧૧/૧૯૯૯ થી તા.૩૧/૧૧/૧૯૯૯	૦	
૬૦.	–	તા.૧/૧૨/૧૯૯૯ થી તા.૩૧/૧૨/૧૯૯૯	૦	

આંક–૨૦ રેફરન્સ ટી.નં.૩૩૦/૧૯૯૯ ના કામે રજુ કરેલ દસ્તાવેજોને હાલના કેઈસમાં પણ પુરાવા તરીકે ગ્રાહય રાખવા માંગણી કરતી અરજી કરેલ છે જે અત્રેની અદાલતે ગ્રાહય રાખેલ છે.

આંક–૨૧ બીજા પક્ષકારનો શાળા છોડયાનો દાખલો છે.

રેફરન્સ ટી.નં.૩૩૦/૧૯૯૯ ના કામે પ્રથમ પક્ષકારે નિ.૩૦/૧ થી તથા નિ.૩૦/૨ થી સરકારશ્રીનો તા.૧૫/૦૯/૨૦૧૪ નો પરીપત્ર થતા એક સાઈટેશન રજુ કરેલ છે.

રેફરન્સ ટી.નં.૩૩૦/૧૯૯૯ ના કામે આંક–૩૦(એ) બીજા પક્ષકારની રેફરન્સ નં.૩૩૦/૧૯૯૯ થી ૩૩૨/૧૯૯૯ ના કેસો ડીકોન્સોલીડેટ કરવાની માંગણી કરતી અરજી છે. જે અરજી અત્રેની અદાલતે ગ્રાહય રાખી તમામ કેસો ડીકોન્સોલીડેટ કરી અલગ–અલગ ચલાવવાનો તથા અલગ–અલગ નિર્ણય કરવાનો હુકમ કરેલ છે.

ત્યારબાદ સદર કામે બીજા પક્ષકાર તરફે પ્રતિનિધિશ્રી એ.એસ.ભોઈની તથા પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે વિધ્વાન વકીલશ્રી આર.એમ.ગોહીલની મૌખિક દલીલો સાંભળી સદર કેસ હુકમ પર લેવામાં આવેલો છે.

(૫) આ કામે બંને પક્ષકારોની પરસ્પર તકરારો જોતા હાલના કેઈસના ન્યાયનિર્ણય અર્થે નીચે જણાવેલ મુધ્દાઓ નિર્ણય કરવો જરૂરી છે.

<u>**મુધ્દા:**</u>

૧. શું પ્રથમ પક્ષકારનો 'ઈન્ડસ્ટ્રી' ની વ્યાખ્યામાં સમાવેશ થાય છે?

૨. શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં **રોજમદાર મજુર** તરીકે ફરજ બજાવતા હતા?

૩. શું બીજા પક્ષકારનો ઔદ્યોગિક વિવાદ ધારા હેઠળ 'કામદાર' ની વ્યાખ્યામાં સમાવેશ થાય છે?

૪. શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે તેઓને પ્રથમ પક્ષકારે **તા.૦૧/૧૧/૧૯૯૮** ના રોજથી નોકરીમાંથી છુટા કરેલ છે?

૫. શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે તેમણે પ્રથમ પક્ષકાર સંસ્થામાં ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨૫(બી) મુજબ સળંગ નોકરી કરેલી છે?

૬. શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે તેઓને પ્રથમ પક્ષકારે કોઈપણ રીતે ગેરકાયદેસર છુટા કરેલ છે?

૭. શું બીજા પક્ષકાર નોકરીમાં પુનઃસ્થાપિત થવા હકકદાર થાય છે?

૮. શું બીજા પક્ષકાર પડેલા દિવસોનો કોઈ પગાર મેળવવા હકકદાર થાય છે?

૯. શું બીજા પક્ષકાર વિકલ્પે કોઈ વળતર મેળવવા હકકદાર થાય છે?

૧૦. શું હુકમ?

ઉપરોકત મુધ્દાઓના ટુંકમાં જવાબ નીચે મુજબ છે.

૧. હકારમાં.

૨. હકારમાં.

૩. હકારમાં.

૪. હકારમાં.

૫. હકારમાં.

૬. હકારમાં.

૭. હકારમાં.

૮. આખરી હુકમ મુજબ.

૯. આખરી હુકમ મુજબ.

૧૦. આખરી હુકમ મુજબ.

ઉપરોકત જવાબો અંગે મારા કારણો નીચે મુજબ છે.

—:: કારણો ::—

મુધ્દાનં.૧ :—

આ કામના બીજા પક્ષકારનું કથન એવુ છે કે પ્રથમ પક્ષકાર સંસ્થા પ્લાન્ટેશન, એગ્રીકલ્ચર અને અલાઈડ એકટીવીટીઝ; ગૌણ વન પેદાશ માટેની પ્લાન્ટેશનની સ્કીમ; વન ખાતાના કર્મચારીઓ માટે કવાર્ટસ અને વન ભવનનું બીલ્ડીંગ બાંધવાની કામગીરી; ઘાસ માટે ગોડાઉન બાંધવાની કામગીરી; મોબાઈલ સાથેના ચોકીદારનો સ્કવોડ નકકી કરવો; વનમાં રોડ રસ્તા બનાવવાની કામગીરી; જંગલી જાનવરોને સાચવવા માટે ફેન્સીંગ કરવાની કામગીરી તથા જંગલી જનાવરો માટે પાણી પીવાના પોઈન્ટસ બનાવવાની કામગીરી કરે છે. બીજા પક્ષકારનું વધુમા કથન એવુ છે કે પ્રથમ પક્ષકાર સંસ્થાએ રાજકોટ અને મહેસાણામાં પોલીથીન બેગ બનાવવાના યુનીટ ઉભા કરેલા છે. જમીન સંરક્ષણ અને પ્રાણી સંગ્રહાલય તથા જંગલો વિશે નાગરીકોમાં સભાનતા

ઉભી થાય તે માટે શિક્ષણ આપવાના પ્રોગામો કરે છે અને તેની ફી પણ મેળવે છે. વધુમાં હિમોલગઢને પ્રવાસન સેન્ટર તરીકે વિકસાવવાનું કાર્ય કરે છે. અભયારણ્યો જેવા કે નેશનલ પાર્ક, ગીર નેશનલ પાર્ક, જુનાગઢ–વેરાવળ બ્લેક બક, નેશનલ પાર્ક ભાવનગર, વાસદા નેશનલ પાર્ક, વલસાડ જીલ્લાનું વાઘ માટેનું અભયારણ્ય વિગેરે અભ્યારણો ઉભા કરી સારી એવી કમાણી કરે છે. વધુમાં જંગલમાં પ્રાણી જીવનનું પણ અભ્યારણ્ય ચલાવે છે. જેમાં ગીર લાયન, બારડા લાયન, નળ સરોવર, ગુડકર સેન્કચ્યુરી–કચ્છ, જેસોર–રતનમાળ, રીછનું અભ્યારણ્ય, મરીન સેન્કચ્યુરી–જામનગર, હીંગોલઘાટ, નારાયણ સરોવર ચિંકારા, ખીજાડીયા બર્ડસ, પોરબંદર બર્ડસ, જામનગર પક્ષીઓનું અભ્યારણ્ય વિગેરે અભ્યારણ્ય મળી કુલ ૪૭૬ સ્કવેર કી.મી.માં આવેલા છે. જેનો ઘેરાવો ૬૪૨૨ કી.મી. નો છે. આ અભયારણ્યો ધ્વારા પ્રવાસીઓ પાસેથી ફી મેળવી સારી એવી કમાણી કરે છે. વધુમાં વન ખાતુ જંગલની પેદાશો ભેગી કરી કમાણી કરે છે, જલાઉ લાકડુ કોન્ટ્રાકટથી મોટા વેપારીઓને વેંચે છે, પેપર બનાવવા વાંસનો ઉપયોગ કરે છે, બીડી બનાવવા ટીમરૂ પાનનો વેપાર કરે છે તેમજ ગુંદર, લાખ, મધ, ચારોળી, મહુડાના ફુલ, ડોળી, ફુલો અને ફળો ભેગા કરી તેનો વેપાર કરી કરોડો રૂપીયાની કમાણી કરે છે. સંસ્થાની આવી કામગીરી કોઈ પણ રીતે ધાર્મિક કે આધ્યાત્મિક કામગીરી ગણી શકાય તેમ નથી. તેથી **નામદાર સુપ્રિમ કોર્ટે બેંગ્લોર વોટર સપ્યાલના** કેસમાં આપેલ માર્ગદર્શન મુજબ પ્રથમ પક્ષકાર સંસ્થાનો ઈન્ડસ્ટ્રીની વ્યાખ્યામાં સમાવેશ થાય છે તેવી દલીલ છે.

જયારે આ કામના પ્રથમ પક્ષકાર સંસ્થાનું કથન એવુ છે કે પ્રથમ પક્ષકાર સંસ્થા એ વન અને પર્યાવરણ વિભાગના તાબા હેઠળ પર્યાવરણનું સંતુલન જળવાઈ રહે તેવા હેતુસર રીઝર્વ જંગલોમાં ગુજરાત સરકાર ગ્રાન્ટ આપે તો ગ્રાન્ટના આધારે રોપાઓ ઉછેરીને ખાડા ખોદીને રોપાઓ રોપવાની કામગીરી કરે છે. જે કામગીરી લોકોના સુખાકારી, લોક કલ્યાણ અને જાહેર હીતનું સરકારનું સોવેરીન ફંકશન છે. આ પ્રવૃતિમાં સીધો નાણાકીય નફો કે ફાયદો મેળવવાનો હેતુ સમાયેલો હોતો નથી. તેથી પ્રથમ પક્ષકાર સંસ્થાએ ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટની કોઈ જોગવાઈનો ભંગ કરવાનો પ્રશ્ન રહેતો નથી. તેથી પ્રથમ પક્ષકાર સંસ્થા 'ઈન્ડસ્ટ્રી' નથી તેવી દલીલ છે.

આ કામે પ્રથમ પક્ષકારની પ્રવૃતિ જોતા તે વનિકરણની કામગીરી કરે છે. તે જ રીતે પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા વનની ઉપજ જેવી કે મધ, લાકડુ વિગેરે વેચવાની કામગીરી કરે છે તેનો

કોઈ ઈન્કાર કરી શકે તેમ નથી. **નામદાર સુપ્રિમ કોર્ટે બેંગ્લોર વોટર સપ્પાલના** કેસમાં કેવી સંસ્થાઓનો ઈન્ડસ્ટ્રીની વ્યાખ્યામાં સમાવેશ થઈ શકશે તે અંગે માર્ગદર્શક સિધ્ધાંતો આપેલ છે. નામદાર સુપ્રિમ કોર્ટે તેમના આ ચુકાદામાં કોઈપણ સંસ્થા કામદારના સહકારથી કોઈ પણ સીસ્ટેમેટીક પ્રવૃતિ કે જે આધ્યાત્મિક કે ધાર્મિક પ્રકારની પ્રવૃતિ ન હોય તેવી તમામ પ્રવૃતિનો ઈન્ડસ્ટ્રીની વ્યાખ્યામાં સમાવેશ થઈ શકશે તેવા સિધ્ધાંતો પ્રસ્થાપિત કરેલા છે. હાલના પ્રથમ પક્ષકારની પ્રવૃતિ વનિકરણની તથા પર્યાવરણની જાળવણી કરવાની છે. આવી પ્રવૃતિને કોઈ પણ રીતે ધાર્મિક કે આધ્યાત્મિક પ્રવૃતિ ગણી શકાય તેમ નથી. **નામદાર સુપ્રિમ કોર્ટે બેંગ્લોર વોટર સપ્લાસયના કેસમાં** ઠરાવ્યા મજુબ કોઈ પણ સંસ્થાનો ઈન્ડસ્ટ્રીઝની વ્યાખ્યામાં સમાવેશ કરવા માટે મુડી રોકાણ કે નફાનો હેતુ જરૂરી નથી. તે સંજોગોમાં પ્રથમ પક્ષકાર સંસ્થાનો હેતુ નફો કરવાનો ન હોય તો પણ તેઓ ઈન્ડસ્ટ્રીઝની વ્યાખ્યામાંથી બાકાત રહી શકે તેમ નથી.

આમ, પ્રથમ પક્ષકારની પ્રવૃતિ જોતા **નામદાર સુપ્રિમ કોર્ટના બેંગ્લોર વોટર સપ્લાયના કેસમાં** આપેલ માર્ગદર્શન ધ્યાને લેતા પ્રથમ પક્ષકારનો ઈન્ડસ્ટ્રીની વ્યાખ્યામાં સમાવેશ થાય છે તેમ ઠરાવવામાં આવે છે.

મુધ્દાનં.૨ અને ૩ :–

આ કામના બીજા પક્ષકારના જણાવ્યા મુજબ તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં **સને–૧૯૮૭** થી **રોજમદાર મજુર** તરીકે ફરજ બજાવતા હતા. અને તેમનો માસીક પગાર **રૂા.૮૦૦/–** હતો. આ કામે પ્રથમ પક્ષકારે **આંક–૮** થી તેમનો લેખિત જવાબ રજુ કરેલ છે. પ્રથમ પક્ષકારે તેમના લેખિત જવાબમાં હાલના બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામ કરતા જ ન હતા તેવો બચાવ નથી. પ્રથમ પક્ષકારના જણાવ્યા મુજબ બીજા પક્ષકાર કાયમી રોજમદાર તરીકે ફરજ બજાવતા ન હતા પરંતુ બીજા પક્ષકારે જરૂરીયાત મુજબ છુટક કામગીરી કરેલ છે. સંસ્થાને મળતી ગ્રાન્ટને અનુલક્ષીને બજેટના કામો હેઠળ જાહેરહીતની વનિકરણની કામગીરી કરાવવામાં આવે છે જે કામગીરી કાયમી હોતી નથી. પરંતુ બજેટ આધારિત મળતી ગ્રાન્ટને ધ્યાને રાખીને કામ કરાવવામાં આવતુ હોય છે. અને આવા કામો ઉપર કામગીરીને ધ્યાને રાખી દૈનિક રોજમદારો રોકી આવી કામગીરી કરાવવામાં આવે છે. અને આ દરમ્યાન દૈનિક રોજમદારોને સરકારશ્રીના નિતિ નિયમોનુસાર લઘુતમ વેતન દર મુજબની રકમ ચુકવવામાં આવે છે. આમ,

તેઓના તરફથી જેટલા દિવસ કામ કરવામાં આવેલ હોય તેટલા દિવસનું વેતન ચુકવવામાં આવે છે. બીજા પક્ષકારને છુટક દૈનિક રોજમદાર તરીકે રોકવામાં આવેલ હતા તેવુ કથન છે.

હાલના પ્રથમ પક્ષકારે જ બીજા પક્ષકારને જરૂરીયાત મુજબ રોજમદાર તરીકે કામે રાખેલ હોવાનુ કબુલ રાખેલ છે. હાલના બીજા પક્ષકાર તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં **કાયમી રોજમદાર મજુર** તરીકે ફરજ બજાવતા હતા તે બાબતે કોઈ પુરાવો રજુ કરેલ નથી. તેથી બીજા પક્ષકાર કાયમી રોજમદાર મજુર હતા તે માની શકાય તેમ નથી. અને રોજમદાર તરીકે ફરજ બજાવતા હતા તેમ માનવાને કારણ છે. આ કામે **આંક–૫** થી બીજા પક્ષકારનું પુરાવા સોગંદનામું રજુ કરેલ છે. બીજા પક્ષકારે તેમના પુરાવા સોગંદનામામાં તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં રોજમદાર મજુર તરીકે ફરજ બજાવતા હતા તેમ જણાવેલુ છે. પ્રથમ પક્ષકાર ધ્વારા બીજા પક્ષકારની ઉલટતપાસ કરવામાં આવેલી છે. પ્રથમ પક્ષકાર બીજા પક્ષકારે જણાવેલ આ હકીકતથી કોઈ વિપરીત હકકીત પ્રસ્થાપિત કરી શકેલા નથી. તે સંજોગોમાં હાલના બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં **રોજમદાર મજુર** તરીકે ફરજ બજાવતા હતા તેમ ઠરાવવામાં આવે છે. અને **બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર વચ્ચે નોકર માલીકનો સંબધ છે** તેમ ઠરાવવામાં આવે છે.

ઉપર જણાવ્યુ તે મુજબ બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં **રોજમદાર મજુર તરીકે ફરજ બજાવતા હતા**.તેથી તેઓની કામગીરી જોતા હાલના બીજા પક્ષકારનો ઔદ્યોગિક વિવાદ ધારા મુજબ **'કામદાર'** ની વ્યાખ્યામાં સમાવેશ થાય છે તેમ ઠરાવવામાં આવે છે.

મુધ્દાનં.૪ :–

આ કામે બીજા પક્ષકારના જણાવ્યા મુજબ તેઓને પ્રથમ પક્ષકાર સંસ્થાએ **તા.૦૧/૧૧/૧૯૯૮** ના રોજથી છુટા કરેલા છે. આ કામે પ્રથમ પક્ષકારે તેમના લેખિત જવાબમાં બીજા પક્ષકારને કયારેય છુટા કરેલા જ નથી તેવો કેસ નથી. તે જ રીતે હાલના બીજા પક્ષકાર સ્વૈચ્છાએ કામે આવતા બંધ થયેલ છે તેવો પણ બચાવ નથી. પ્રથમ પક્ષકારના જણાવ્યા જંગલ ખાતાની કામગીરી સરકારશ્રીના ગ્રાન્ટ ઉપર આધારીત હોય છે. અને સરકારશ્રી તે કામગીરી કરવા ગ્રાન્ટ આપે છે અને ગ્રાન્ટ પુરી થતા કામગીરી આપોઆપ પૂર્ણ થઈ જાય છે. અને નવી ગ્રાન્ટ આવે ત્યારે નવી કામગીરી કરવામાં આવે છે. તે સંજોગોમાં ગ્રાન્ટ પુરી થતા અને કામગીરી પુરી થતા રોજમદાર કામદાર આપોઆપ છુટા થયેલા ગણાય તેવી દલીલ છે. પ્રથમ પક્ષકારના આવા કથનના આધારે જ હાલના બીજા પક્ષકારને છુટા કરેલા છે તેવુ સ્પષ્ટ અનુમાન દોરી શકાય તેમ છે. આ

કામે બીજા પક્ષકારે તેઓને **તા.૦૧/૧૧/૧૯૯૮** ના રોજથી છુટા કરેલા છે તેમ જણાવેલ છે.બીજા પક્ષકારે **આંક–૫** થી પુરાવા સોગંદનામું રજુ કરેલ છે.બીજા પક્ષકારે તેમના પુરાવા સોગંદનામામાં આ હકીકતને સમર્થન આપેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા બીજા પક્ષકારની ઉલટતપાસ કરવામાં આવેલી છે. પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા બીજા પક્ષકારે જણાવેલ છુટા કરવાની તારીખ પડકારેલ હોય કે બીજા પક્ષકારે જણાવેલ હકીકતથી કોઈ વિપરીત હકીકત પ્રસ્થાપિત કરેલ હોય તેમ બનેલ નથી. તે સંજોગોમાં હાલના બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે **તા.૦૧/૧૧/૧૯૯૮** ના રોજથી છુટા કરેલા છે તે હકીકત નહી માનવાને કોઈ કારણ નથી. આમ, હાલના પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને **તા.૦૧/૧૧/૧૯૯૮** ના રોજથી છુટા કરેલા છે તેમ ઠરાવવામાં આવે છે.

મુધ્દાનં.૫ :–

આ કામના પ્રથમ પક્ષકારની દલીલ એવી છે કે જો બીજા પક્ષકારનું કથન એવુ હોય કે તેમણે આઈ.ડી.એકટની કલમ–૨૫ બી મુજબ સળંગ નોકરી કરેલ છે તો તે પુરવાર કરવાની જવાબદારી બીજા પક્ષકારની છે. અત્રેની અદાલત પ્રથમ પક્ષકારની આવી દલીલ સાથે સહમત છે અને હવે જોવાનું રહે છે કે બીજા પક્ષકાર તેવુ પુરવાર કરી શકે છે કેમ? આ કામના બીજા પક્ષકારનું કથન એવુ છે કે તેઓ **સને–૧૯૮૭** માં નોકરીમાં દાખલ થયેલા અને નોકરીમાં દાખલ થયા ત્યારથી તે છુટા કર્યા **તા.૦૧/૧૧/૧૯૯૮** સુધી સળંગ, અતુટ અને બ્રેક સિવાયની નોકરી કરી દરેક વર્ષમાં ૨૪૦ દિવસ કરતાં વધુ સમયની નોકરી કરેલી છે તેવુ કથન છે.

જયારે પ્રથમ પક્ષકારે તેમના લેખિત જવાબમાં સંસ્થાની કામગીરી ગ્રાંટ આધારીત હોવાનું અને ગ્રાંટ પુરી થતા કામ બંધ થાય અને નવી ગ્રાંટ આવતા ફરી કામ ચાલુ થાય તેમ જણાવી હાલના બીજા પક્ષકાર સને–૧૯૮૭ માં નોકરીમાં દાખલ થયેલ હોવાની તથા બીજા પક્ષકારે સને–૧૯૮૭ થી તા.૦૧/૧૧/૧૯૯૮ સુધી કામ કરેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલો છે. પ્રથમ પક્ષકારે તેમના લેખિત જવાબમાં બીજા પક્ષકારે એપ્રિલ–૧૯૯૩ થી માર્ચ–૧૯૯૪ સુધીમાં છુટક છુટક માત્ર ૨૮ દિવસ જ કામ કરેલ છે અને માર્ચ–૧૯૯૪ પછી કયારેય કામ કરેલ નથી તેવો બચાવ છે.

આ કામે બીજા પક્ષકારે **આંક–૫** થી પુરાવા સોગંદનામું રજુ કરેલ છે.બીજા પક્ષકારે તેમના પુરાવા સોગંદનામામાં તેઓ **સને–૧૯૮૭** થી નોકરીમાં જોડાયેલ હોવાની, તેઓને **તા.૦૧/૧૧/૧૯૯૮** માં છુટા કરેલ હોવાની અને નોકરીમાં દાખલ થયા ત્યારથી તે છુટા કર્યા ત્યાં સુધી એટલે કે સને–૧૯૮૭ થી તા.૦૧/૧૧/૧૯૯૮ સુધીમાં દરેક વર્ષમાં સળંગ,અતુટ અને બ્રેક

સિવાયની નોકરી કરી દરેક વર્ષમાં ૨૪૦ દિવસ કરતા વધુ સમયની નોકરી કરેલી છે તે હકીકતને સમર્થન આપેલ છે.

હાલના પ્રથમ પક્ષકાર ધ્વારા બીજા પક્ષકારની ઉલટતપાસ કરવામાં આવેલ છે. પરંતુ પ્રથમ પક્ષકાર બીજા પક્ષકારે જણાવેલ હકીકતથી વિપરીત હકીકત પ્રસ્થાપિત કરેલા નથી. એ વાત ખરી છે કે બીજા પક્ષકારે તેમની ઉલટતપાસમાં તેમણે તેઓ સને–૧૯૮૭ થી સંસ્થામાં ફરજ બજાવતા હતા તે બતાવવા તથા તેમણે દરેક વર્ષમાં ૨૪૦ દિવસ કામ કરેલ છે તે બતાવવા કોઈ લેખિત આધાર રજુ કરેલ નથી તેમ જણાવેલુ છે. પરંતુ જયાં સુધી પ્રથમ પક્ષકાર ધ્વારા રોજમદારોને પણ નોકરી બાબતના એટલે કે નિમણુંક પત્ર, હાજરીકાર્ડ, પગારચીઠ્ઠી વિગેરે આપવામાં આવતા હતા તેવુ પુરવાર થાય નહી ત્યાં સુધી આવા દસ્તાવેજો રજુ કરવાનો પ્રશ્ન અસ્થાને છે તેવુ અત્રેની અદાલત માને છે.

એટલુ જ નહી પ્રથમ પક્ષકારે **આંક–૧૫** થી તેમના સાક્ષીશ્રી ઈરફાનખાન નાઝીરખાન સીધી કે જેઓ મુનપુર ખાતે રેન્જ ફોરેસ્ટ ઓફીસર તરીકે ફરજ બજાવે છે તેમનું પુરાવા સોગંદનામું રજુ કરેલ છે.

આ સાક્ષીએ તેમના પુરાવા સોગંદનામામાં બીજા પક્ષકાર જે સને–૧૯૮૭ થી નોકરીમાં દાખલ થયેલ હોવાનું જણાવેલ છે તે હકીકતનો ઈન્કાર કરેલો નથી. તે જ રીતે બીજા પક્ષકારને તા.૦૧/૧૧/૧૯૯૮ ના રોજ છુટા કરેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ હોય તેમ પણ બનેલ નથી. બીજી રીતે કહીએ તો બીજા પક્ષકારે સને–૧૯૮૭ થી તા.૦૧/૧૧/૧૯૯૮ સુધી નોકરી કરેલ હોવાની હકીકતનો સ્પષ્ટ રીતે કોઈ ઈન્કાર કરેલ હોય તેમ બનેલ નથી. પ્રથમ પક્ષકારના સાક્ષીએ તેમના પુરાવા સોગંદનામામાં તો જંગલ ખાતાની કામગીરી સરકારશ્રીની ગ્રાન્ટ ઉપર આધારીત હોય છે. અને સરકાર જે–તે સમયે કામગીરી કરવા ગ્રાન્ટ આપે છે તે ગ્રાન્ટ પુરી થઈ જતા કામગીરી આપોઆપ બંધ થઈ જાય છે અને હાલના બીજા પક્ષકારે સને ૧૯૯૫–૯૬ માં **૩ દિવસ** અને ત્યારબાદ સને ૧૯૯૯–૨૦૦૦ માં પર દિવસ કામગીરી કરેલ છે. અને બીજા પક્ષકારે સંસ્થામાં કોઈ પણ વર્ષમાં ૨૪૦ દિવસથી વધુ કામગીરી કરેલ નથી તેટલું જ જણાવેલ છે.

વધુમાં બીજા પક્ષકારના પ્રતિનિધિ ધ્વારા આ સાક્ષીની ઉલટતપાસ કરવામાં આવેલ છે જે ઘણી જ અગત્યની છે. આ સાક્ષીએ તેમની ઉલટતપાસમાં હાલના બીજા પક્ષકાર સંસ્થામાં કઈ

તારીખે નોકરીમાં દાખલ થયેલ તેની ખબર નહી હોવાનું; રોજમદારોને પણ નિમણુંકપત્ર, હાજરીકાર્ડ, પગારચીઠ્ઠી તથા ઓળખકાર્ડ આપવામાં આવે છે તે વાત ખરી નહી હોવાનું; હાલના બીજા પક્ષકારને કોઈ નિમણુંકપત્ર, હાજરીકાર્ડ, પગારચીઠ્ઠી કે ઓળખકાર્ડ આપેલ નહી તે વાત ખરી હોવાનું; જે–તે સમયે રોજમદારોને મસ્ટરમાં હાજરી પુરી પગાર ચુકવવામાં આવતો હોવાની હકીકત ખરી હોવાનું; કેટલાક કામદારો પાસે છુટક કામ લઈ વાઉચર ઉપર પણ પગાર ચુકવવામાં આવતો હોવાનું; મસ્ટર પ્રથા સને–૧૯૯૯ માં બંધ થયેલ હોવાનું; મસ્ટર પ્રથા બંધ કરીને વાઉચર ઉપર પગાર ચુકવવાનું ચાલુ કરેલ હોવાનું; વાઉચર ઉપર જે ચુકવણું કરવામાં આવતુ તે ફોરેસ્ટરના રીપોર્ટના આધારે કરવામાં આવતુ હોવાનું; મસ્ટર રોલની પ્રથા બંધ કર્યા બાદ જે–તે કામદારોની હાજરી કઈ રીતે પુરવામાં આવતી હતી તેની કોઈ સ્પષ્ટતા સોગંદનામામાં કરેલ નથી તે વાત ખરી હોવાનું; ફોરેસ્ટરના રીપોર્ટના આધારે હાજરી ગણી તેને કેશબુક ઉપર ચઢાવી પગાર ચુકવવામાં આવતો હોવાનું; કેશબુકમાં જે હાજરીના દિવસો છે તે જે–તે ફોરેસ્ટરના રીપોર્ટના આધારે જ દર્શાવેલ છે તે બતાવતો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નહી હોવાનું; આવો રીપોર્ટ ઉપલબ્ધ ન હોવાથી રજુ કરી શકાય તેમ નહી હોવાનું; તેઓ સને–૧૯૮૭ થી સને–૧૯૯૯ ના મસ્ટર રોલ ઘણાં જુના હોઈ તેમજ મહીસાગર જીલ્લો તથા પંચમહાલ જીલ્લો અલગ થવાના કારણે શોધવા મશ્કેલ પડે તમે હોઈ રજુ કરી શકે તેમ નહી હોવાનું; તેમની સંસ્થાના કામો ગ્રાન્ટ ઉપર આધારીત હોઈ એક માસમાં કેટલા દિવસ કામ ચાલે તે કહી શકે તેમ નહી હોવાનું; રોજમદારોની કામગીરી ગ્રાન્ટના આધારે લેવી તેવો સરકારશ્રીનો કોઈ પરીપત્ર તેઓ રજુ કરી શકે તેમ નહી હોવાનું; બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં કેવા પ્રકારની કામગીરી કરેલ છે તેની તેઓને ખબર નહી હોવાનું; હાલના બીજા પક્ષકારે કઈ તારીખે છુટા કરેલ તે ચોકકસ તારીખ યાદ નહી હોવાનુ જણાવેલ છે.

આ કામે પ્રથમ પક્ષકારે સંસ્થામાં જયારે ગ્રાંટ મળી હોય ત્યારે કામગીરી ચાલુ થયેલ હોય અને ગ્રાંટ પુરી થતા કામગીરી બંધ થયેલ હોય તેમજ નવી ગ્રાંટ આવતા કામ ફરી ચાલુ કરેલ હોય તે બતાવતો કોઈ પુરાવો રજુ કરેલ નથી. હવે પ્રથમ પક્ષકારના સાક્ષીની ઉપરોકત સરતપાસ તથા ઉલટતપાસ જોતા સૌ પ્રથમ પુનરાવર્તનના ભોગે જણાવવાનું કે આ સાક્ષીએ તેમની સરતપાસમાં બીજા પક્ષકાર સને–૧૯૮૭ માં નોકરીમાં દાખલ થયેલ હોવાની હકીકત તથા તા.૦૧/૧૧/૧૯૯૮ ના રોજ છુટા કરેલ હોવાની હકીકત અને આ રીતે બીજા પક્ષકારે

સને–૧૯૮૭ થી તા.૦૧/૧૧/૧૯૯૮ સુધી કામ કરેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ નથી. આ સાક્ષીએ તેમના પુરાવા સોગંદનામામાં બીજા પક્ષકારે સને ૧૯૯૫–૯૬ માં **૩ દિવસ જ** કામગીરી કરેલ છે અને સને–૧૯૯૮ સુધી કામગીરી કરેલ નથી તેમ જણાવેલ નથી. તે જ રીતે ઉલટતપાસ જોતા સાક્ષીને બીજા પક્ષકાર કયારે નોકરીમાં દાખલ થયેલ, કયારે છુટા કરેલ, બીજા પક્ષકાર શું કામગીરી કરતા હતા વિગેરે બાબતે અજ્ઞાનતા દર્શાવેલ છે. બીજી રીતે કહીએ તો બીજા પક્ષકાર તેમના પુરાવા સોગંદનામામાં જે સને–૧૯૮૭ થી નોકરીમાં દાખલ થયેલ હોવાનું, તા.૦૧/૧૧/૧૯૯૮ ના રોજ છુટા કરેલ ત્યાં સુધી સતત અને સળંગ નોકરી કરેલ હોવાની અને દરેક વર્ષમાં ૨૪૦ દિવસ કરતા વધુ કામગીરી કરેલ છે તેવા મૌખિક પુરાવાથી વિપરીત કોઈ હકીકત પુરવાર કરી શકેલા નથી.

તે જ રીતે અગાઉ જણાવ્યુ તે મુજબ રોજમદારોને કોઈ નિમણુંકપત્ર, પગારચીઠ્ઠી, ઓળખપત્ર કે હાજરીકાર્ડ આપવામાં આવતા નથી તેવુ તો સંસ્થાના સાક્ષીએ જ કબુલ રાખેલ છે. ત્યારે બીજા પક્ષકારે હાજરી બાબતે કોઈ પુરાવો રજુ નહી કરવાના કારણે કોઈ નુકશાન થાય તેમ નથી.

આમ હાલના બીજા પક્ષકારે તેમના મૌખિક પુરાવાના આધારે તેમણે સને–૧૯૮૭ થી નોકરીમાં દાખલ થયેલ હોવાનું અને તા.૦૧/૧૧/૧૯૯૮ સુધી સતત અને સળંગ નોકરી કરેલ હોવાનું અને દરેક વર્ષમાં ૨૪૦ દિવસ ઉપરાંત કામ કરેલ છે તેવુ મૌખિક પુરાવાના આધારે પુરવાર કરેલુ છે. ત્યારે આ હકીકતનું ખંડન કરવાનો બોજો પ્રથમ પક્ષકાર સંસ્થા ઉપર શીફ્ટ થાય છે.

અગાઉ ચર્ચા કર્યા મુજબ મૌખિક પુરાવાના આધારે તો સંસ્થા બીજા પક્ષકાર જણાવેલ હકીકત ખંડન કરી શકેલા નથી ત્યારે હવે જોવાનું એ રહે છે કે શું પ્રથમ પક્ષકાર દસ્તાવેજી પુરાવાના અધારે ખંડન કરી શકે છે કે કેમ તે જોવાનું રહે છે.

આ કામના બીજા પક્ષકારના જણાવ્યા મુજબ તેમણે સને–૧૯૮૭ થી તા.૦૧/૧૧/૧૯૯૮ ના રોજ છુટા કર્યા ત્યાં સુધી સળંગ નોકરી કરેલ છે તેવુ મૌખિક પુરાવાથી પુરવાર કરેલુ છે. પ્રથમ પક્ષકારના સાક્ષીએ તેમની ઉલટતપાસમાં રોજમદારોને મસ્ટર રોલમાં હાજરી પુરી પગાર ચુકવવામાં આવતો હતો અને આવી મસ્ટર પ્રથા સને–૧૯૯૯ માં બંધ થયેલ છે તેવુ કથન છે. તેનો અર્થ એવો થાય કે બીજા પક્ષકારની છુટા કરવાની તારીખ તા.૦૧/૧૧/૧૯૯૮ સુધી તો મસ્ટર પ્રથા

ચાલુ જ હતી. તે સંજોગોમાં પ્રથમ પક્ષકારે બીજા પક્ષકાર નોકરીમાં દાખલ થયા ત્યારથી તે છુટા કર્યા ત્યાં સુધીના મસ્ટર રોલ અત્રેની અદાલત સમક્ષ રજુ કરી બીજા પક્ષકારે જણાવેલ હકીકતોનું ખંડન કરવુ જોઈએ. કદાચ પ્રથમ પક્ષકાર આટલા લાંબા ગાળાના મસ્ટર રોલ રજુ ન કરે તો પણ અત્રેની અદાલતે જે કહેવાતી છુટ કરવાની તારીખના અગાઉના ત્રણ વર્ષના મસ્ટર રોલ રજુ કરવાનો હુકમ કરેલો છે તેટલા મસ્ટર રોલ તો સંસ્થાએ રજુ કરવા જ જોઈએ. પરંતુ સંસ્થાએ આ કામે એક પણ મસ્ટર રોલ રજુ કરેલ નથી. પ્રથમ પક્ષકારના જણાવ્યા મુજબ મસ્ટર રોલ ઘણાં જ જુના હોઈ શોધવા મુશ્કેલ હોઈ રજુ કરી શકાય તેમ નથી તેવુ કથન છે. હવે પ્રથમ પક્ષકારનું આ કારણ કેટલું વ્યાજબી છે તેને ચકાસીએ તો હાલના બીજા પક્ષકારને તા.૦૧/૧૧/૧૯૯૮ ના રોજ છુટા કરેલા છે અને તાત્કાલીક એટલે કે તા.૧૩/૧૧/૧૯૯૮ ના રોજ મદદનીશ મજુર કમીશ્નર સમક્ષ ફરીયાદ દાખલ કરેલ છે. એટલે બીજા પક્ષકારને છુટા કર્યા બાદ તાત્કાલીક વિવાદ ઉપસ્થિત કરેલ છે ત્યારે શું પ્રથમ પક્ષકાર સંસ્થાની એ ફરજ નથી કે હાલના કેઈસના ન્યાયનિર્ણયમાં પ્રકાશ પાડી શકે તેવા દસ્તાવેજો સાચવે અને યોગ્ય સ્ટેજે તેને અદાલત સમક્ષ રજુ કરે. પરંતુ પ્રથમ પક્ષકરે મસ્ટર રોલ ઘણા જુના છે તેવુ કારણ ધરી અત્રેની અદાલત ધ્વારા છેલ્લા ત્રણ વર્ષના મસ્ટર રોલ રજુ કરવાનો હુકમ કરેલ હોવા છતાં તે રજુ કરેલ નથી ત્યારે પ્રથમ પક્ષકારે તેવા દસ્તાવેજો જાણી જોઈને, બીજા પક્ષકારની સાચી હાજરી રેકર્ડ ઉપર આવે નહી તેવા બદઈરાદાથી જ રજુ કરેલા નથી તેવુ સંસ્થા સામે વિરૂઘ્ધ અનુમાન દોરી શકાય તેમ છે તેવુ અત્રેની અદાલત માને છે.

અત્રેની અદાલત એ વાતથી વાકેફ છે કે સામાવાળા પક્ષકાર સામે માત્ર એડવર્સ ઈન્ફરન્સ ડ્રો કરવાના એક માત્ર આધારે તેવો મુઘ્દો પુરવાર થયેલો ગણાય નહી અને દાવો કરનાર વ્યકિતએ લેખિત આધાર રજુ કરવો જોઈએ તેવા પ્રસ્થાપિત સિઘ્ધાંત છે. પરંતુ અહીયા હકીકત થોડી જુદી છે. હાલના કેઈસમાં તો રોજમદારોને નોકરી કે હાજરી કે પગાર ચુકવવા બાબતના કોઈ પુરાવા આપવામાં આવતાં જ નથી ત્યારે કામદાર ધ્વારા મૌખિક પુરાવો આપવા સિવાય અન્ય કોઈ સ્ત્રોત(sourcc)રહેતો નથી.એટલું જ નહી હાલના બીજા પક્ષકારે ઉલટતપાસ પણ ફેઈસ કરેલી છે. એટલે કે સંસ્થાને બીજા પક્ષકારની ઉલટતપાસ કરવાની તક પણ મળેલી છે છતાં સંસ્થા બીજા પક્ષકારે જણાવેલ હકીકતથી વિપરીત હકીકત પ્રસ્થાપિત કરી શકેલા નથી. તદ ઉપરાંત પ્રથમ પક્ષકાર પાસે હાજરી બાબતના સબળ પુરાવા એટલે કે મસ્ટર રોલ હોવા છતાં સંસ્થાએ કોઈ પણ

જાતના વ્યાજબી કારણ સિવાય જરૂરી મસ્ટર રોલ રજુ કરેલ નથી.આમ, પ્રથમ પક્ષકાર બીજા પક્ષકારે નોકરીમાં દાખલ થયા ત્યારથી તે છુટા કરતાં સુધી સતત અને સળંગ નોકરી કરેલ છે તે હકીકતનું ખંડન કરવામાં પ્રથમ પક્ષકાર નિષ્ફળ ગયેલા છે તેવુ અત્રેની અદાલત માને છે.

એટલુ જ નહી **R.M.Yellatti v/s Assi. Excutive Engineer (2006 SSC (L&S)1)** ના કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટની ફુલ બેંચ ધ્વારા રાજય સરકારો ધ્વારા રોજમદારોને કોઈ પુરાવા આપવામાં આવતા નહી હોવાનું માનેલુ છે. તેમજ દરેક રાજય સરકારોને રોજમદારોની નોકરી તથા હાજરીનો રેકર્ડ વ્યવસ્થિત રીતે જાળવવા અને દરેક રોજમદારને છુટા કરતી વખતે તે રોજમદારે કેટલા દિવસ કામ કરેલુ છે તે અંગેનું ડેઝીગ્નેટેડ ઓાફીસરની સહીવાળુ સર્ટીફીકેટ આપવુ જોઈએ તેવી સ્પષ્ટ સુચના આપેલ છે છતાં સંસ્થાએ નામદાર સુપ્રિમ કોર્ટની ફુલ બેંચની સુચનાનું પાલન કરેલ હોય તેમ બનેલ નથી.

અગાઉ ચર્ચા કર્યા મુજબ પ્રથમ પક્ષકારે જે મસ્ટર રોલ જુના હોવાથી શોધવા મુશ્કેલ હોવાથી રજુ કરી શકે તેમ નથી તેવુ કારણ દર્શાવેલ છે પરંતુ આ કારણ દેખીતુ જ–પ્રાયમાફેસી ખોટુ અને કોર્ટને ગેરમાર્ગે દોરનારુ છે તેવુ અત્રેની અદાલત માને છે. તે સંજોગોમાં પ્રથમ પક્ષકાર સામે વિરૂધ્ધ અનુમાન દોરવા સિવાય કોઈ વિકલ્પ નથી. અને પ્રથમ પક્ષકારે જાણી જોઈને, બીજા પક્ષકારની સાચી હાજરી રેકર્ડ ઉપર આવે નહી તેવા બદઈરાદાથી કોઈ દસ્તાવેજો રજુ કરેલા નથી તેવુ વિરૂધ્ધ અનુમાન દોરી શકાય તેમ છે તેવુ અત્રેની અદાલત માને છે.

આમ, બીજા પક્ષકારનો મૌખિક પુરાવો, પ્રથમ પક્ષકારની જાણી જોઈને દસ્તાવેજો રજુ નહી કરવાની પ્રથમ પક્ષકારની નિશ્ક્રીયતાના આધારે હાલના બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં છુટા કરતા અગાઉના બાર માસમાં ૨૪૦ દિવસ ઉપરાંત કામ કરી સળંગ નોકરી કરેલ છે તેવુ સ્પષ્ટ અનુમાન દોરી શકાય તેમ છે તેવુ અત્રેની અદાલત માને છે.

આ કામે પ્રથમ પક્ષકારે સને–૧૯૯૫ થી સને–૧૯૯૯ સુધીની કેશબુક રજુ કરેલ છે. એ વાત ખરી છે કે હાલના બીજા પક્ષકારે **આંક–૯** ની અરજી આપી સને–૧૯૮૭ થી તા.૦૧/૧૧/૧૯૯૮ સુધીની કેશબુક રજુ કરાવવાની માંગણી કરેલ છે જેમા અત્રેની અદાલતે બીજા પક્ષકારને કહેવાતી છુટા કરવાની તારીખના અગાઉની ત્રણ વર્ષની કેશબુક રજુ કરવા અથવા વિકલ્પે સોગંદનામું કરવા હુકમ કરેલ છે. આવો હુકમ થતા પ્રથમ પક્ષકાર

સંસ્થાએ તા.૧૫/૦૩/૧૯૯૫ થી તા.૧૫/૦૩/૨૦૦૦ સુધી કેશબુક રજુ કરેલ છે. પરંતુ બીજા પક્ષકારનો એવો કોઈ કેઈસ નથી કે તેઓને કેશબુક ઉપર વેતન ચુકવવામાં આવતુ હતુ. બીજા પક્ષકારનું તો શરૂઆતથી જ કથન એવુ છે કે તેઓને મસ્ટર ઉપર સહી કરાવી પગાર ચુકવવામાં આવતો હતો. તે સંજોગોમાં હાલના કેઈસના ન્યાયનિર્ણય માટે મસ્ટર રોલ અગત્યના દસ્તાવેજો છે જે હુકમ કરવા છતાં એક પણ મસ્ટર રોલ રજુ કરેલ નથી તે હકીકત ધ્યાને લેવી જરૂરી છે.

એટલુ જ નહી ખરી રીતે તો પ્રથમ પક્ષકારનો કોઈ કન્સીસ્ટન્ટ સ્ટેન્ડ જ નથી કે કન્સીસ્ટન્ટ પુરાવા નથી. પ્રથમ પક્ષકારે તેમના જવાબ સાથે એક સ્ટેટમેન્ટ રજુ કરેલ છે તેમા બીજા પક્ષકારે એપ્રિલ–૧૯૯૩ માં ૨૬ દિવસ કામ કરેલ હોવાનુ અને મે–૧૯૯૩ માં ૨૦ દિવસ કામ કરેલ હોવાનું જણાવેલ છે. અને જુન–૧૯૯૩ થી બીજા પક્ષકારની હાજરી "૦" (શુન્ય) હોવાનું દર્શાવેલ છે. પ્રથમ પક્ષકારે રજુ કરેલ સ્ટેટમેન્ટ જોતા તેમા બીજા પક્ષકારની છેલ્લી હાજરી મે–૧૯૯૩ માં ૨૦ દિવસની દર્શાવેલ છે અને ત્યારપછી જો બીજા પક્ષકારની હાજરી ૦–૦ (શુન્ય–શુન્ય) હોય તો પ્રથમ પક્ષકાર તેમના જવાબમાં તો બીજા પક્ષકારે માર્ચ–૧૯૯૪ સુધી કામ કરેલ હોવાનું જણાવેલુ છે. તેનો મતલબ એવો થાય કે પ્રથમ પક્ષકારના જવાબમાં તથા જવાબ સાથે રજુ કરેલ હાજરીના સ્ટેટમેન્ટમાં કોઈ સુસંગતા મળતી નથી. તે જ રીતે પ્રથમ પક્ષકારે **નિ.૧૧/૧** થી હાજરીનું એક સ્ટેટમેન્ટ રજુ કરેલ છે. આ સ્ટેટમેન્ટમાં તો માત્ર મે–૧૯૯૩ માં ૨૦ દિવસની હાજરી દર્શાવેલુ છે અને આ સ્ટેટમેન્ટમાં એપ્રિલ–૧૯૯૩ ની હાજરી દર્શાવેલી જ નથી. આમ, જવાબ સાથે રજુ કરેલ હાજરીનુ સ્ટેટમેન્ટ તથા **નિ.૧૧/૧** થી રજુ કરેલ હાજરીનું સ્ટેટમેન્ટ એકબીજા સાથે બીલકુલ સુસંગત નથી. તે જ રીતે પ્રથમ પક્ષકારના જણાવ્યા મુજબ બીજા પક્ષકારે એપ્રિલ–૧૯૯૩ થી માર્ચ–૧૯૯૪ સુધી જ કામ કરેલ છે તેવુ કથન છે. જયારે પ્રથમ પક્ષકારે જ રજુ કરેલ સાક્ષીના સોગંદનામામાં બીજા પક્ષકારે સને ૧૯૯૫–૯૬ માં ૩ દિવસ કામ કરેલ હોવાનું જણાવેલ છે. જો પ્રથમ પક્ષકારનું કથન એવુ હોય કે બીજા પક્ષકારે માત્ર એપ્રિલ–૧૯૯૩ થી માર્ચ–૧૯૯૪ સુધી જ કામ કરેલ છે તો બીજા પક્ષકારે સને ૧૯૯૫–૯૬ માં ૩ દિવસ કામ કરેલ છે તેવુ કથન કયા આધારે જણાવ્યુ. જયારે પ્રથમ પક્ષકારે જ રજુ કરેલ નિ.૧૧/૨ ની કેશબુક કે જે તા.૧૭/૦૬/૧૯૯૩ ની છે તેમાં બીજા પક્ષકારની ૨૦ દિવસની હાજરી તથા રૂા.૬૪૬/– નુ પેમેન્ટ કેવી રીતે કર્યુ. આમ, હાલના પ્રથમ પક્ષકારે તેમના લેખિત જવાબમાં, લેખિત જવાબ સાથે રજુ કરેલ સ્ટેટમેન્ટમાં, નિ.૧૧/૧ થી રજુ કરેલ સ્ટેટમેન્ટમાં,

નિ.૧૧/૨ થી રજુ કરેલ કેશબુકમાં તથા પ્રથમ પક્ષકારના સાક્ષીના પુરાવા સોગંદનામામાં દરેક વખતે જુદી જુદી હકીકતો તથા હાજરી દર્શાવેલ છે. આમ, પ્રથમ પક્ષકારનો કોઈ કન્સીસ્ટન્ટ સ્ટેન્ડ નથી કે તેમના બચાવના સમર્થનમાં કોઈ મસ્ટર રોલ રજુ કરેલ નથી. અગાઉ ચર્ચા કર્યા મુજબ આવા મસ્ટર રોલ કોઈ પણ જાતના વ્યાજબી કારણ સિવાય રજુ કરેલા નથી. તે સંજોગોમાં બીજા પક્ષકારના મૌખિક પુરાવાને આધારે તથા પ્રથમ પક્ષકારની નિસ્ક્રિયતા તથા વિસંગતતા ઘ્યાને લેતા હાલના બીજા પક્ષકારે છુટા કરતા અગાઉના બાર માસમાં ૨૪૦ દિવસ ઉપરાંત કામ કરી ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨૫ બી મુજબ સળંગ નોકરી કરેલ છે તે હકીકત નહી માનવાને કોઈ કારણ નથી.

ઉપરોકત ચર્ચાના આધારે હાલના **બીજા પક્ષકારે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨૫ બી મુજબ સળંગ નોકરી કરેલ છે તેમ ઠરાવવામાં આવે છે.**

મુધ્દાનં.૬ :–

આ કામના પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને કોઈ ગેરવર્તણુકના કારણે સજાના ભાગરૂપે છુટા કરેલ હોય તેવો પ્રથમ પક્ષકારનો કેસ નથી કે કોઈ પુરાવા નથી. તે જ રીતે હાલના બીજા પક્ષકારને કોઈ ખાસ સમય માટે અથવા તો કોઈ ખાસ પ્રોજેકટ માટે કામે રાખેલ હોય અને તેવો કહેવાતો ખાસ સમય કે ખાસ પ્રોજેકટ પુરો થવાને કારણે બીજા પક્ષકારની નોકરીનો કરાર નહી લંબાવવાને કારણે નોકરીનો અંત આવેલ હોય તેવો પણ પ્રથમ પક્ષકારનો કેઈસ નથી કે તેવા કોઈ પુરાવા નથી. આ સંજોગોમાં બીજા પક્ષકારને છુટા કરવાનું પ્રથમ પક્ષકારનું કૃત્ય 'છટણી' છે તેવુ અત્રેની અદાલત માને છે.

ઉપર જણાવ્યુ છે તે મુજબ હાલના બીજા પક્ષકારે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨૫ બી મુજબ સળંગ નોકરી કરેલ છે. કાયદાકીય પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર જયારે કોઈ પણ કામદારે છુટા કરતા અગાઉના બાર માસમાં સળંગ નોકરી કરેલ હોય તો આવા કામદારને છુટા કરતી વખતે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨૫ એફ ની જોગવાઈનું પાલન કરવુ જોઈએ છે. અન્યથા કામદારને છુટા કરવાનું કૃત્ય ગેરકાયદેસર ઠરાવવાને પાત્ર થાય.

આ કામે પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨૫ એફ ની જોગવાઈઓનું પાલન કરીને છુટા કરેલ હોય તેવો પ્રથમ પક્ષકારનો કેસ નથી કે કોઈ પુરાવા નથી.

પ્રથમ પક્ષકારના જણાવ્યા મુજબ બીજા પક્ષકારની નિમણુક ભરતીના નિયમ મુજબ થયેલી નહી અને તેઓ રોજમદાર હોવાથી કોઈ નોટીસ કે નોટીસ પગાર આપવાનો કે છટણી વળતર આપવાની જરૂરીયાત રહેતી નથી. પરંતુ ઔદ્યોગિક વિવાદ ધારા હેઠળ કલમ–૨૫ એફની જોગવાઈનુ પાલન કરવા માટે કોઈ રોજમદાર કે કાયમી કામદાર, અંશકાલીન કામદાર કે પૂર્ણ સમયના કામદાર જેવા કોઈ ભેદભાવ રાખવામાં આવેલા નથી. વધુમાં બીજા પક્ષકાર **સને–૧૯૮૭** થી ફરજ બજાવતા હતા, બીજા પક્ષકારની નિમણુક ભરતીના નિયમો મુજબ થયેલી ન હોય તો પણ તેમા બીજા પક્ષકારનો કોઈ વાંક–ગુન્હો નથી. કારણ કે નિયમ મુજબ ભરતી કરવાની જવાબદારી સંસ્થાની છે. એટલુ જ નહી આ કામે બીજા પક્ષકાર રોજમદાર તરીકે કામ કરતા હતા અને રોજમદારની નિમણુક અંગે કોઈ પણ પ્રકારના ભરતીના નિયમ હોય તેવુ પ્રથમ પક્ષકાર પુરવાર કરી શકેલા નથી. કારણ કે આ કામે પ્રથમ પક્ષકારે તેવા કહેવાતા રોજમદારની ભરતીના નિયમો રજુ કરેલા નથી. તે સંજોગોમાં હાલના બીજા પક્ષકાર રોજમદાર તરીકે કામ કરતા હોવાથી તેઓને ઔદ્યોગિક વિવાદ ધારા હેઠળની કલમ–૨૫ એફની જોગવાઈ મુજબના લાભોથી વંચિત રાખી શકાય તેમ નથી. તેથી હાલના બીજા પક્ષકારને છુટા કરતી વખતે કોઈ નોટીસ કે નોટીસ પગાર કે કોઈ વળતર ચુકવવાની જરૂર ન હતી તેવી પ્રથમ પક્ષકારની દલીલ ગ્રાહય રાખી શકાય તેમ નથી. આ કામે બીજા પક્ષકાર તરફે પુરાવા સોગંદનામામાં તેઓને છુટા કરતી વખતે કોઈ નોટીસ કે નોટીસ પગાર કે બેકારી વળતર ચુકવેલ નથી તેમ સ્પષ્ટપણે જણાવેલુ છે.આ હકીકત ધ્યાને લેતા હાલના પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨૫ એફ નુ પાલન કર્યા સિવાય છુટા કરેલા છે.તેથી પ્રથમ પક્ષકારનું બીજા પક્ષકારને છુટા કરવાનું કૃત્ય ગેરકાયદેસર ઠરવાને પાત્ર થાય છે.

આમ, હાલના પ્રથમ પક્ષકારે **બીજા પક્ષકારને ગેરકાયદેસરરીતે છુટા કરેલા છે** તેમ ઠરાવવામાં આવે છે.

મુદ્દાનં.૭ :–

ઉપર જણાવ્યુ તે મુજબ પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને ગેરકાયદેસર છુટા કરેલ છે. જયારે કોઈ શ્રમયોગીને છુટા કરવાનું કૃત્ય ગેરકાયદેસર ઠરાવવામાં આવે ત્યારે સામાન્ય સંજોગોમાં તે શ્રમયોગી તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત થવા હકકદાર થાય. સિવાય કે તેમ ન કરવા કોઈ વ્યાજબી કારણ હોય.

આ કામે બીજા પક્ષકારની દલીલ એવી છે કે હાલના બીજા પક્ષકાર હજી નિવૃતી વયમર્યાદા વટાવી ચુકેલ નથી તેમજ સદર કામે અગાઉ તા.૧૪/૧૧/૨૦૧૧ ના રોજ બીજા પક્ષકારની તરફેણમાં હુકમ કરી બીજા પક્ષકારને તેમની મુળ જગ્યાએ સળંગ નોકરીથી પડેલા દિવસોના ૫૦% પગાર તથા આનુષાંગિક લાભો સહીત નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો તથા રેફરન્સના ખર્ચના રૂા.૧૦૦૧/– ચુકવવાનો હુકમ કરેલ હતો. પરંતુ ત્યારબાદ સંસ્થાએ વારાફરથી પરચુરણ અરજીનં.૯/૨૦૧૨, ૨૫/૨૦૧૫, ૨૧/૨૦૧૭ અને છેલ્લે ૭૧/૨૦૧૭ દાખલ કરી હાલના કેઈસને વિલંબમાં નાંખેલ છે. અને બીજા પક્ષકારને નોકરીમાં પુનઃસ્થાપિત થવાના હકકથી વંચિત રાખેલ છે. એટલુ જ નહી અગાઉ બીજા પક્ષકારની તરફેણમાં હુકમ થવા છતાં બીજા પક્ષકારને હુકમ મુજબ નોકરીમાં પુનઃસ્થાપિત ન કરતા બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સામે સક્ષમ અધિકારી સમક્ષ ફરીયાદ કરવાની ફરજ પણ પડેલી. આવી ફરીયાદ દાખલ થતા પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને નોકરીમાં પુનઃસ્થાપિત કરવા તૈયાર છે તેમ જણાવી બીજા પક્ષકારને નોકરીમાં પુનઃસ્થાપિત કરી થોડા દિવસ કામ કરાવી તેનુ વેતન પણ ચુકવેલુ છે.પરંતુ આ દરમ્યાન પ્રથમ પક્ષકારે પરચુરણ અરજી દાખલ કરી મુળ હુકમ રદ કરવા માંગણી કરતા સંસ્થાની પરચુરણ અરજી મંજુર થતા સંસ્થાએ બીજા પક્ષકારને કામ ઉપર રાખવાનુ બંધ કરી દીધેલ છે. આ સંજોગોમાં પ્રથમ પક્ષકાર સંસ્થા જાણી જોઈને નામદાર અદાલતનું પાલન કરતા નથી તેમજ કાયદાની જોગવાઈઓનો દુર ઉપયોગ કરી બીજા પક્ષકારને મળવાપાત્ર કાયદેસરના હકકથી વંચિત રાખવાનો પ્રયાસ કરી રહેલ છે ત્યારે હાલના કેઈસમાં જે કોઈ વિલંબ થયેલ છે તે એક માત્ર પ્રથમ પક્ષકારની બેદરકારીના કારણે થયેલ છે. તેથી હાલના કેઈસના નિર્ણય ઘણા લાંબા સમય બાદ કરવામાં આવતો હોવાના કારણે બીજા પક્ષકારને નોકરીમાં પુનઃસ્થાપિત થવાના હકકથી વંચિત રાખી શકાય નહી તેવી દલીલ છે.

બીજા પક્ષકાર તરફે વધુમાં દલીલ એવી છે કે આ કામે **આંક–૧૫** થી પ્રથમ પક્ષકારના સાક્ષીની ઉલટતપાસ થયેલ છે તેમા પ્રથમ પક્ષકાર સંસ્થાની કામગીરી આજે પણ ચાલુ હોવાનુ અને આવી કામગીરી ટેન્ડર પ્રથાથી કરાવવામાં આવતી હોવાનુ અને ટેન્ડર પ્રથાથી રોકેલા કામદારો ઉપર સીધી દેખરેખ સંસ્થાની હોવાનું કબુલ રાખેલ છે. તે જ રીતે ટેન્ડર પ્રથાથી કામ આપતી વખતે હાલના બીજા પક્ષકારને કામ ઉપર હાજર થવા કોઈ જાણ કરેલ નથી તેવુ પણ કબુલ રાખેલ છે. આમ, પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને કાયમી કરી હકકો ચુકવવા પડે નહી તેવા બદઈરાદાથી

છુટા કરી તેવી કામગીરી એજન્સી મારફત કરાવે છે જે પ્રથમ પક્ષકારનું કૃત્ય અનફેર લેબર પ્રેકટીસ વાળુ છે તેવી દલીલ છે.

આ કામે નિ.૨૧/૧ થી સ્કુલ છોડયાનો દાખલો રજુ કરેલ છે જેમા બીજા પક્ષકારની જન્મ તારીખ ૧૫/૦૬/૭૨ દર્શાવેલ છે. પ્રથમ પક્ષકાર આ હકીકતથી વિપરીત હકીકત પ્રસ્થાપિત કરી શકેલા નથી. બીજા પક્ષકારની આ જન્મ તારીખ જોતા હજુ બીજા પક્ષકાર નિવૃતિ વયમર્યાદા વટાવી ચુકવેલ નથી. વધુમાં આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થાની વનિકરણની કામગીરી પુરી થઈ ગઈ હોય તેવો પ્રથમ પક્ષકારનો કેસ નથી કે તેવા કોઈ પુરાવા નથી. તેથી ઉલટ, બીજા પક્ષકાર જે કામગીરી કરતા હતા તે કામગીરી આજે પણ ચાલુ હોવાનું કબુલ રાખેલ છે. આમ,હાલના બીજા પક્ષકાર જે કામગીરી કરતા હતા તે કામગીરી આાજે પણ ચાલુ જ છે. એટલુ જ નહી આ સાક્ષીની ઉલટતપાસ જોતા એવુ ફલીત થાય છે કે હાલના બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરી બીજા પક્ષકાર જે કામગીરી કરતા હતા તે કામગીરી એજન્સી મારફત કરાવવામાં આવે છે. આ રીતે એજન્સી મારફતે નવા માણસોને કામે રાખતી વખતે હાલના બીજા પક્ષકારને કામ ઉપર હાજર થવા કોઈ પત્ર લખેલ નથી તેવુ પ્રથમ પક્ષકારના સાક્ષીએ કબુલ રાખેલ છે. આ રીતે બીજા પક્ષકાર જે કામગીરી કરતા હતા તે કામગીરી બીજા પક્ષકારને છુટા કરી એજન્સી ઘ્વારા કરાવવામાં આવે તો તેમા પ્રથમ પક્ષકારે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨૫ એચનો ભંગ કરેલો તો ગણાય જ સાથે સાથે અનફેર લેબર પ્રેકટીસ આચરેલુ પણ ગણાય તેવુ અત્રેની અદાલત માને છે. વધુમાં હાલના કેઈસના ન્યાયનિર્ણયમાં જે વિલંબ થયેલ છે તે પ્રથમ પક્ષકારની બેદરકારીના કારણે થયેલ છે તેથી વિલંબના કારણે બીજા પક્ષકારને નોકરીમાં પુનઃસ્થાપિત કરવાના હકકથી વંચિત રાખી શકાય તેમ નથી તેવી બીજા પક્ષકારની દલીલ સાથે અત્રેની અદાલત સહમત છે.

આ સંજોગોમાં હાલના બીજા પક્ષકારને નોકરીમાં પુનઃસ્થાપિત નહી કરવા માટે કોઈ કારણ નથી. આમ, હાલના બીજા પક્ષકાર તેમની **મૂળ જગ્યાએ, સળંગ નોકરીથી પુનઃસ્થાપિત થવા હકકદાર થાય છે તેમ ઠરાવવામાં આવે છે.**

મુધ્દાનં.૮ :–

ઉપર જણાવ્યુ તે મુજબ બીજા પક્ષકારને તેમની મુળ જગ્યાએ, સળંગ નોકરીથી પુનઃસ્થાપિત થવા હકકદાર હોવાનુ ઠરાવેલ છે. ત્યારે હાલના બીજા પક્ષકાર પડેલા દિવસોનો કોઈ

પગાર મેળવવા હકકદાર થાય છે કે કેમ તેનો નિર્ણય કરવાનો રહે છે તે માટે નીચે જણાવેલ ચુકાદાઓ જોવાના રહે છે.

(૧) ૨૦૦૩ (૯૮) એફ.એલ.આર. ૫૯૫ (નામ.સુપ્રિમ કોર્ટ)
(એમ.પી.સ્ટેટ ઈલેકટ્રીસીટી વિરૂઘ્ધ શ્રીમતી ઝરીના)

(૨) ૨૦૦૫ એલ.એલ.આર. ૨૭૫ (નામ.સુપ્રિમ કોર્ટ)
(કેન્દ્રીય વિદ્યાલય વિરૂઘ્ધ એસ.પી.શર્મા)

(૩) ૨૦૦૬ એલ.એલ.આર. ૫૪૯ (નામ.મઘ્યપ્રદેશ હાઈકોર્ટ)
(સાગર વિરૂઘ્ધ પ્રિસાઈડીંગ ઓફીસર, લેબર કોર્ટ,)

(૪) ૨૦૦૬ એલ.એલ.આર. ૮૪૯ (નામ.સુપ્રિમ કોર્ટ)
(જનરલ મેનેજર હરીયાણા રોડવેઝ વિરૂઘ્ધ રુધાનસીગ)

ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંતો અનુસાર પડેલા દિવસોના પગાર એ કોઈ નેચરલ કોન્સીકવન્સીસ નથી. કોઈપણ શ્રમયોગી છુટાં થયા બાદ બેકાર રહેલ છે તે સાબિત કરવાની જવાબદારી જે તે શ્રમયોગીની છે.વધુમાં પડેલા દિવસોના પગાર અંગે નિર્ણય કરતી વખતે અદાલતે શ્રમયોગીએ કામ શોધવા કરેલ પ્રયત્નો,શ્રમયોગીનું કવોલીફીકેશન,કામ મળવાની શકયતાઓ, લેન્થ ઓફ સર્વિસ તેમજ સંસ્થાની આર્થિક પરિસ્થિતિ ઘ્યાને લઈ વિવેક બુઘ્ધિપુર્વક નિર્ણય કરવાનો રહે છે તેવા સિઘ્ધાંતો પ્રસ્થાપિત કરેલા છે.

ઉપરોકત સિઘ્ધાંતોને ઘ્યાનમાં રાખી હાલના કેસમાં જોઈએ તો આ કામે **આંક—૫** થી બીજા પક્ષકારનું પુરાવાના ભાગરૂપે સોગંદનામું રજુ છે. જેમા સરતપાસમાં તેમણે છુટા કર્યા બાદ અન્ય જગ્યાએ નોકરી શોધવા પ્રયત્ન જ કરેલ છે પરંતુ કયાંય નોકરી મળેલ નથી તેમ જણાવેલુ છે પરંતુ ઉલટતપાસમાં તેઓ છુટક મજુરી મળે તો કરી લે છે તેમ જણાવેલ છે. એટલુ જ નહી આ કામે બીજા પક્ષકારે નોકરી શોધવા પ્રયત્ન કરેલ હોય તે બતાવતો કોઈ પુરાવો રજુ કરેલ નથી. એટલુ જ નહી પ્રથમ પક્ષકાર સંસ્થા સરકાર છે અને તેમા જાહેર જનતાના નાણા સંકળાયેલા છે. કેસની હકીકત ઘ્યાને લેતા પ્રથમ પક્ષકાર સંસ્થા ઉપર પડેલા દિવસોના પગારનો કોઈ બોજો નાખવો ઉચિત જણાતુ નથી તેવુ અત્રેની અદાલત છે. આમ, તમામ હકીકતો ઘ્યાનમાં લેતા હાલના બીજા પક્ષકાર પડેલા દિવસોનો કોઈ પગાર મેળવવા હકકદાર થાય નહી.

આમ, હાલના બીજા પક્ષકાર **પડેલા દિવસોનો કોઈ પગાર મેળવવા હકકદાર થતા નથી** તેમ ઠરાવવામાં આવે છે.

મુદ્દાનં.૯ :–

ઉપર જણાવ્યુ તે મુજબ બીજા પક્ષકારને પડેલા દિવસોના પગાર સિવાય, તેમની મુળ જગ્યાએ, સળંગ નોકરીથી પુનઃસ્થાપિત કરવાનું ઠરાવેલ હોઈ વિકલ્પે કોઈ વળતર ચુકવવાનો પ્રશ્ન રહેતો નથી.

ઉપરોકત ચર્ચાને આધારે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

:: હુકમ ::

(૧) હાલના પ્રથમ પક્ષકારનું બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરવાનું કૃત્ય ગેરકાયદેસર ઠરાવવામાં આવે છે.

(૨) હાલના પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને તેમની મૂળ જગ્યાએ, સળંગ નોકરીથી, **પડેલા દિવસોના પગાર સિવાય** નોકરીમાં પુનઃસ્થાપિત કરવા તેવો હુકમ કરવામાં આવે છે.

(૩) હાલના પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને આ રેફરન્સ ખર્ચના રૂ.૫૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર) પુરા ચુકવવા તેવો હુકમ કરવામાં આવે છે.

(૪) આ હુકમનો અમલ એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિન –૩૦ માં કરવાનો રહેશે.

સ્થળ :– ગોધરા
તા.૨૦/૦૯/૨૦૧૯

(કુ.રમીલાબેન કેશવલાલ સોલંકી)
GJ 00791
પ્રમુખ અધિકારી
શ્રમ અદાલત, ગોધરા.